THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपार्टीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४२ फाल्गुन. आत्म सं. २०. } अंक ८ मो.

प्रकाशक–श्री जैन आत्मानंन्द सभा,—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | જીનેશ્વર સ્તુતિ તથા સમ્યકચારિત્ર પદ્ય. ... ... ... | ૧૭૭ |
| ૨ | શ્રીઅવંતી પાર્શ્વનાથની ઉત્પત્તિ. | ૧૭૮ |
| ૩ | શ્રાવક ધર્મોચિત આચારોપદેશ | ૧૭૯ |
| ૪ | સૂક્તમુક્તાવલી (ભાષા–અનુવાદ) | ૧૮૧ |
| ૫ | આત્માના માનસિક કરણો. | ૧૯૫ |
| ૬ | જીવન અને મૃત્યુ. ... ... | ૧૯૪ |
| ૭ | " શ્રી કેળવણી ફંડ અને શ્રી જૈન આત્માનંદ સભા." ... | ૧૯૭ |
| ૮ | મનુષ્યને શાથી હાર ખાવી પડે છે? | ૧૯૮ |
| ૯ | વર્તમાન સમાચાર. ... | ૧૯૯ |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા ગ્રાહકોને ખુશખબર.

# તેરમા વર્ષની અપૂર્વ ભેટ.

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇએ છીયે કે, આ માસિકનું આ તેરમું વર્ષ ચાલતું હોવાથી જેના આઠ અંકો પ્રસિદ્ધ થઈ ચુકયા છે. જેથી દર વર્ષ મુજબ આ વર્ષે પણ ધારા મુજબ પ્રત્યે જૈન બંધુઓ અને બ્હેનોને પઠન–પાઠનમાં ઉપયોગી, અવશ્ય જ્ઞેય, ઉપાદેય યોગ્ય, કથાનુયોગનો અતિ રસીક અને સદ્બોધક ગ્રંથ અમારા કદરદાન ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક તરીકે આપવાનું પસંદ કરવામાં આવ્યું છે. તે ગ્રંથનું નામ અને તે સંબંધી હકીકત હવે પછીના અંકમાં આપવામાં આવશે.

દરેક વર્ષે ધારા મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમારોજ છે, તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બહાર હશેજ નહીં.

આઠ આઠ માસ થયા ગ્રાહકો થઈ રહેલા અને તેમાં આવતા વિવિધ વિષયોનો આસ્વાદ લેનારા અમારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી વી. પી. સ્વીકારી લેશે જ એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે. છતાં અત્યારસુધી ગ્રાહક રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે બીજા બ્હાના બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું કે જેથી નાહક પોસ્ટના પૈસાનું નુકશાન સભાને ખમવું પડે નહીં, તેમજ અમોને તથા પોસ્ટખાતાને નકામી તસ્દીમાં ઉતરવું ન પડે. એટલી સૂચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.

## નમ્ર વિનંતિ અને એક ખુલાસો.

આ સભા તરફથી આર્થિક સહાયવડે પ્રસિદ્ધ થતાં સંસ્કૃત ( મૂળ ટીકાના ) ગ્રંથો સહાય આપનાર બંધુઓની ઇચ્છા અને આ સભાના ધારા મુજબ, દરેક મુનિમહારાજે અને સાધ્વી મહારાજને તેઓશ્રીના સમુદાયના ( વિદ્યમાન ) ગુરૂ અથવા વડીલ મુનિરાજશ્રીની મારફત મંગાવવાથી, કોઇ પણ શ્રાવકના નામ ઉપર પુસ્તક ગેરવલ્લે ન જાય તેવા હેતુથી પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવે છે. હસ્તલીખીત જ્ઞાનભંડારોને પણ મંગાવવાથી ભેટ મોકલવામાં આવે છે. આવો પ્રબંધ છતાં તેમજ અનેક વખત વિનંતિ કરવા છતાં હજી પણ કેટલાક મુનિરાજો ગુરૂ મારફત ન મંગાવતાં પરબારા પત્રો લખે છે, તો તેઓશ્રીને વિનંતિ છે કે ઉપર લખ્યા પ્રમાણે મંગાવવા કૃપા કરવી. તે સિવાય બીજી રીતે ધારા મુજબ મોકલી શકાતા નથી.

વળી વિશેષમાં એ પણ જણાવવા રજા લઇયે છીયે કે સાંભળવા પ્રમાણે કેટલીક વ્યક્તિઓની એવી માન્યતા છે કે પૂરેપૂરી જે ગ્રંથમાં આર્થિક સહાય મળે તેવા ગ્રંથો સાધુ સાધ્વી મહારાજાઓ અને જ્ઞાનભંડારોની જેમ શ્રાવકને પણ શા માટે ભેટ નહીં આપવા ? તે બાબતમાં ખુલાસો એવો છે કે ગ્રંથોને અંગે મળતી દ્રવ્યની રકમ તે જ્ઞાન ખાતું હોવાથી અને તેનો જ્ઞાનોદ્ધાર થતો હોવાથી તેમજ તે ખાતાથી છપાયેલા પુસ્તકોની ઉપજેલ મૂળ રકમ વગેરે પણ જ્ઞાનખાતું કહેવાતું હોવાથી તે ખાતે જમે થતાં શ્રાવકને જ્ઞાન ખાતામાંથી ભેટ આપી શકાતાં નથી. તેથી તેવા ગ્રંથોના ખપી જૈન બંધુઓને મુદ્દલ કીમતે કે તેથી ઓછી કીમતે ગ્રંથો આપવામાં આવે છે અને તે પૈસા પણ જ્ઞાન ખાતે લઇ જવામાં આવે છે; આવી સ્થિતિ હોવા છતાં કેટલાકો એવી બુમો મારે છે કે આર્થિક સહાય મળ્યા છતાં ગ્રંથો વેચે છે, પણ અત્યાર સુધીના છપાયેલા તમામ સંસ્કૃત ગ્રંથો જેમાં કે આર્થિક સહાય સંપૂર્ણ મળેલી છે તેવા ગ્રંથો સાધુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४२, फाल्गुन आत्म संवत् २०. [ अंक ८ मो.

## जिनेश्वर स्तुति.

( શાર્દૂલ વિક્રીડિત. )

જેના [1]સત્ત્વથકી સદા પ્રસરતું ભવ્યાત્મ સૃષ્ટિ વિષે;
તેજઃ જ્ઞાન તણો પ્રકાશ વિલસે જૈનેંદ્ર દૃષ્ટિ મિષે;
જેનું દર્શન શાંતિથી પ્રવહતું સંવેગ[2] આનંદમાં,
તે શ્રી ભાવ જિનેશ્વર પ્રણમીએ આત્માર્થના રંગમાં.

## सम्यक्चारित्र पद्य.

( શિખરિણી. )

પ્રકાશે સદ્વસ્તુ વિરતિ સુખથી આત્મઘટમાં,
જણાવે એ [3]યોગો અવિચલપણે જ્ઞાનપટમાં;
યતિ કે આગારી[4] ગ્રહણ કરતા આત્મબળથી,
નમો ચારિત્રી[5] જે [6]કરષણ કરે કર્મ હળથી.

**संजय.**

૧ પરાક્રમ. ૨ મોક્ષની અભિલાષાના. ૩ ચારિત્રના અસંખ્ય સ્થાનો.
૪ ગૃહસ્થ. ૫ સમ્યક્ ચારિત્રધારી પુરૂષ. ૬ ઉખેડી નાંખે.

For Private And Personal Use Only

# *॥ श्री अवंती पार्श्वनाथकी उत्पत्ति और, विक्रमराजाने कीया हुवा जैन धर्मका स्वीकार. ॥

( श्री अवंती पारसनाथ भगवाननुं स्तवन. )

( श्री स्थूलिभद्र मुनि गणमां शिरदार जो.—ए देशी )

जोने प्राणी अवंती पारसनाथजो, शिवपुर जावा सुंदर छे संगाथजो;
जगमां जोतां एहवो साथी नहि मलेजो. ॥१॥
नहि मले तो होशे बूरा हालजो, ते माटे कहुं छुं आणी बहु वहालजो;
उत्पत्ति कहुं तेहनी ते हवे सांभलोजो. ॥२॥
सांभलवाथी थाशे सुंदर ख्यालजो, अवंतिमां थया अवंति सुकुमालजो;
अणसण करी गया नलिनीगुल्म विमानमांजो. ॥३॥
विमान जेवुं कर्युं देवल तस बालेजो, पार्श्वनाथ भगवानतणुं माहाकालेजो;
बापने नामे तीर्थ तिहां प्रगट थयुंजो. ॥४॥
प्रगट थयो ब्राह्मणमां तव अन्यायजो, मूर्ति दबावी महादेव दीया ठायजो;
सिद्धसेन दिवाकर तिहां आवी चढ्याजो. ॥५॥
आवी चढ्यो देवलमां तव भूपालजो, विक्रम नामे प्रजातणो प्रतिपालजो;
सर्वज्ञ पुत्र बिरुद धारी सूरि देखीयाजो. ॥६॥
देखीयाके उपन्यो एह सवालजो, नमता नथी केम महादेव महाकालजो;
तव अवधुत रुपधारी एम उचरेजो. ॥७॥
उचरे मुज नमस्कार तुज देवजो, फाटी पडशे खेद थशे ततखेवजो;
तो राजा कहे फाटवा द्यो करो वंदनाजो. ॥८॥
वंदन करुं छुं राजा था सावधानजो, एम कहीने बत्रीसीनुं विधानजो;
तथा कल्याणमंदिरथी प्रभु स्तवना करीजो. ॥९॥

---

* હાલમાં શ્રીમાન્ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પન્યાસજી મહારાજ શ્રી સંપત્તવિજયજી મહારાજ વગેરે ઉજ્જયની નગરીમાં પધારેલા છે. અહીં શ્રી અવંતીપાર્શ્વનાથજી મહારાજનું તીર્થ છે. આ તીર્થની ઉત્પત્તિ અને વિક્રમરાજાને કરેલ બોધ સંબંધી ઉપરના સ્તવનમાં ઇતિહાસિક નોંધ છે અને તે ઉક્ત માહાત્માનું બનાવેલું સ્તવન છે. વળી આ શહેરમાં સંવત્ ૧૩૩૩ ની પ્રતિષ્ઠિત શ્રી ભદ્રેશ્વરસૂરિ મહારાજાદિ ૧૧ આચાર્યો મહારાજની ભવ્ય મૂર્તિઓ છે, જે ખરેખર દર્શન કરવા લાયક છે. ( મળેલું. )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्तवना करीके नीकळ्युं तेज अपारजो, पार्श्वनाथनी प्रतिमा प्रगट थइ सारजो;
ते देखी राजा कहे कोण ए देव छे जो. १०
देवनी कही गुरु ए वात तमामजो, ते सांभळी पूजा माटे सो (१००) गामजो;
आपी राजा बारव्रत धारी थयोजो. ॥११॥
व्रतधारी श्रावक थइने बहुमानजो, देवगुरुनुं अति कर्युं गुणगानजो;
संघवी थयो मोटो श्री सिद्धाचल तणोजो. ॥१२॥
सिद्धाचळमां सूरि पदना धारजो, आत्मारामजी शिष्य सकल शणगारजो;
लक्ष्मीविजय शिष्य हंस प्रभु प्रणमे मुदाजो. ॥१३॥

# શ્રાવક ધર્મોચિત આચારોપદેશ.

## ( પંચમ વર્ગ. )

( ગતાંક ૭ માના પૃષ્ટ ૧૬૮ થી શરૂ. )

૧ સકળ જન્મોમાં સારભૂત એવો માનવ ભવ પામીને સદાય સુકૃત્ય કરણી વડે સુજ્ઞ જનોએ તેને સંપૂર્ણ રીતે સફળ કરી લેવો જોઇએ.

૨ નિરંતર ધર્મકરણી કર્યાથી સદાય આત્મસંતોષ થાય છે, એમ સમજી સુજ્ઞ જનોએ દાન, ધ્યાન, તપ અને શાસ્ત્ર અભ્યાસવડે સફળ દિવસ કરવો.

૩ પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે છતે અથવા છેવટે છેલ્લે સમયે જીવ પરજન્મ સંબંધી શુભાશુભ આયુષ્ય પ્રાયે કરીને બાંધે છે.

૪ આવખાનો ત્રીજો ભાગ બાકી રહેતાં **પાંચપર્વ શ્રેણી પ્રસંગે** શુભ કરણી કરતો છતો જીવ પોતાનું પરભવ સંબંધી આવખું નક્કી બાંધે છે.

૫ **બીજ** તિથિનું આરાધન કરતાં બે પ્રકારનો ( સાધુ અને ગૃહસ્થ સંબંધી ) ધર્મ આરાધી શકાય છે, તેમજ સુકૃત્યો કરતાં રાગ અને દ્વેષને જીતી શકાય છે.

૬ **પંચમી**નું પાલન કરતાં પાંચ જ્ઞાન, પાંચ ચારિત્ર અને પાંચ વ્રતની પ્રાપ્તિ થાય છે અને પાંચ પ્રમાદનો પરાભવ નિશ્ચે થાય છે.

૭ **અષ્ટમી**નું આરાધન કર્યાથી આઠ કર્મનો ક્ષય થાય છે; આઠ પ્રવચન માતા ( સમિતિ, ગુપ્તિ )ની શુદ્ધિ થાય છે અને આઠ મદનો પરાજય થાય છે.

૮ **એકાદશી**નું સેવન કર્યાથી અગીયાર અંગોનું નિશ્ચે આરાધન થાય છે તેમજ શ્રાવકની અગીયાર પડિમાનું પણ આરાધન કરાય છે.

૯ અહો ! **ચતુર્દશી**નું આરાધન કરનાર ચૌદ રાજલોકની ઉપર મોક્ષમાં જઈ વસે છે, વળી તે ચૌદ પૂર્વોનું પણ આરાધન કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ આ ઉપર જણાવેલાં પાંચ પર્વો અધિકાધિક ફળદાયક છે. તેથી એમાં કરેલી સુકૃત કરણી અધિક ફળદાયક બને છે.

૧૧ એમ સમજી સુજ્ઞ જનો પર્વ દિવસે વિશેષે કરી ધર્મકરણી કરે અને પોષધ પ્રતિક્રમણાદિકને આરાધતાં સ્નાન મૈથુનને પરિહરે.

૧૨ મુક્તિને વશ કરવાને પરમ ઔષધ સમાન પોષધવ્રત પર્વ દિવસે સુજ્ઞજન આદરે, તેમ કરી ન શકાય તો સામાયક વ્રત વિશેષ આદરે.

૧૩ વળી ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ એ પાંચે અરિહંત દેવોનાં કલ્યાણકો છે, તેનું આરાધન સુજ્ઞજનોએ કરવું.

૧૪ ૧૫ એક કલ્યાણક હોય ત્યારે એકાશન, બે હોય ત્યારે નીવી, ત્રણ હોય ત્યારે પુરિમઢ્ઢ સહીત આયંબિલ અને ચાર કલ્યાણકો હોય ત્યારે ઉપવાસ કરે. પાંચ કલ્યાણકો હોય ત્યારે પૂર્વાધ ( પુરિમઢ્ઢ ) સહીત ઉપવાસ કરે. આ કલ્યાણક તપ પાંચ વર્ષે સુજ્ઞજનો પૂર્ણ કરે. ( ઉપર જણાવેલા પૂર્વાર્ધનો અર્થ અન્યત્ર એકાસણરૂપ કરેલો દેખાય છે. )

૧૬ વળી અરિહંતાદિક વિશસ્થાનક પદોને ભવ્યાત્માઓ આરાધે અને એકાશનાદિક તપવડે ભાગ્યવંત જનો તેનો વિધિ સાચવે.

૧૭ વિધિ અને ધ્યાનયુક્ત જે ઉક્ત વીશસ્થાનકોનું આરાધન કરે, તે મહાનુભાવ આત્મા દુઃખ વિદારક એવું શ્રેષ્ઠ તીર્થંકર નામ કર્મ ઉપાર્જે છે.

૧૮ સાડા પાંચ વર્ષપર્યંત જે ઉજવળ પંચમીનું આરાધન કરે છે, તે પાંચમીગતી જે મોક્ષ તેને પ્રાપ્ત કરે છે.

૧૯ વ્રત પૂર્ણ થયે છતે ઉજમણું કરે, તેવી શક્તિ ન હોય તો બમણું બેવડું વ્રત કરે અને તપના દિવસ જેટલાં માણસ જમાડે.

૨૦ પંચમીના ઉજમણામાં પાંચ પાંચ ઉત્તમ જ્ઞાનનાં ઉપકરણો તેમજ ચૈત્યનાં પણ પાંચ પાંચ સુંદર ઉપકરણો કરાવે.

૨૧ વળી પાક્ષિક ( પાખી ) પ્રતિક્રમણ અને ચતુર્દશીનો ઉપવાસ કરે છે તે શ્રાવક પોતનાં ઉભય પક્ષ ( પિતાના તથા માતાના ) વિશુદ્ધ કરે છે.

૨૨ બુદ્ધિશાળી શ્રાવક ત્રણે ચોમાસીમાં છઠ્ઠતપ કરે અને સર્વોપરી સંવત્સરી પર્વ દિવસે અઠ્ઠમતપ કરે સાથે પ્રતિક્રમણાદિક આવશ્યક પણ સાચવે.

૨૩ સઘળી ( છએ ) અઠ્ઠાઇઓમાં અને વિશેષે પર્વ દિવસે પોતાના ઘરે ખાંડવાનું દળવાનું વિગેરે આરંભનું કામ કરવાનું પરિહરે.

૨૪ પર્યુષણ પર્વમાં સ્વચ્છ મનથી કલ્પસૂત્ર સાંભળે અને શાસનની ઉન્નતિ કરતો પોતાના શહેરમાં અમારી પળાવે.

૨૫ શ્રાવક રૂડાં ધર્મનાં કામ કરતો સંતોષ ન પામે, તેતો પ્રતિદિન અધિકાઅધિક પ્રીતિ–ભક્તિથી ધર્મકાર્યો કરતોજ રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૬ પર્યુષણપર્વમાં સાવધાનપણે જે કલ્પસૂત્ર શ્રવણ કરે તે આઠભવની અંદર મહા મંગળકારી મોક્ષપદને પામે.

૨૭ સદાય સમ્યકત્વરત્નનું સેવન કરવાથી અને બ્રહ્મવ્રત ( શીલવ્રત ) ને પાળવાથી લોકમાં જે પુન્ય પ્રાપ્ત થાય છે, તે શ્રી કલ્પસૂત્ર સાંભળવાથી પ્રાપ્ત થાય છે.

૨૮ વિવિધ દાન દેવા વડે અને તપ તપવા વડે તથા સારાં તીર્થોની સેવના કરવા વડે જે પાપક્ષય થાય, તે કલ્પસૂત્ર સાંભળવા વડે જીવના પાપનો ક્ષય થાય.

૨૯ મુક્તિ એટલે મોક્ષ ઉપરાંત કોઇ ઉંચું પદ–સ્થાન નથી. શ્રી શત્રુંજય તીર્થ ઉપરાંત કોઇ ઉંચું તીર્થ–સ્થાન નથી અને સમ્યગ્ દર્શન–સમ્યકત્વ ઉપરાંત ઉંચુ તત્ત્વ નથી તેમ શ્રી કલ્પસૂત્ર ઉપરાંત કોઇ અધિક સૂત્ર નથી.

૩૦ દીવાળીની અમાવાસ્યામાં શ્રી વીર પ્રભુનું નિર્વાણ થયેલ છે અને દીવાળીના પડવાને દિવસે શ્રી ગૌતમ ગણધરને કેવળજ્ઞાન ઉપન્યું છે તેમનું તેવે વખતે અવશ્ય સ્મરણ કરવું.

૩૧ દીવાળીના દીવસે બે ઉપવાસ કરીને જે ગૌતમસ્વામીનું સ્મરણ–ધ્યાન કરે છે, તે નિશ્ચે આ લોકમાં તેમજ પરલોકમાં ભારે સુખસંપદા ( મહોદય ) ને પામે છે.

૩૨ ઘરદેરાસરમાં અને ગામના દેરાસરમાં વિધિ સહિત શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા ભક્તિ કરીને પછી મંગળદીવો ઉતારીને સુજ્ઞ શ્રાવક પોતાના ભાઇ ભાંડુઓની સંગાતે ભોજન કરે.

૩૩ જિનેશ્વરોના પાંચ કલ્યાણક દિવસોને મોટકાં લેખીને તેવે પ્રસંગે સારા અર્થી જનોને સ્વશક્તિ અનુસારે યથોચિત દાન આપે.

૩૪ આ રીતે રૂડા પર્વ દિવસે કરેલાં ઉત્તમ કૃત્ય અને રૂડા આચારના પ્રચાર વડે કર્મનાં દ્વાર જેણે બંધ કર્યાં છે, એવા શ્રાવક ઉત્તમ વિધિ વડે શુદ્ધ બુદ્ધિને પુષ્ટ કરી સ્વર્ગ સંબંધી સુખને ભોગવી મુક્તિના સુખને પામે છે.

# सूक्तमुक्तावली.

## (સુગમભાષા અનુવાદ.)

(ગતાંક પૃષ્ટ ૧૭૧ થી શરૂ.)

### ‘વિષય લુબ્ધતા તજી સુશીલતા સેવો.’

૩૭ કામાંધ બની જે સ્વસ્ત્રીનો અનાદર કરી, પરસ્ત્રીમાં લુબ્ધ બને છે, ( અથવા જેણે ત્રૈલોક્ય ચિન્તામણિ એવું શીલરત્ન સમસ્તપણે વિણસાડયું છે. ) તેનો અપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યશનો ઢોલ જગત્‌માં વાગે છે, પોતાના ઉત્તમ વંશમાં મશીનો કૂચો દેવાય છે, દેશ-વિરતિ કે સર્વવિરતિ ચારિત્રને જલાંજલિ દેવાય છે. સદ્‌ગુણોરૂપી બગીચામાં આગ લગાડાય છે, સઘળી આપદાઓને આવવા નિમંત્રણ અપાય છે, અને મોક્ષનગરના બારણે દ્રઢ કમાડ વાસવામાં આવે છે.

૩૮ જે મહાનુભાવો શીલ–બ્રહ્મચર્યને ધારે છે, તેમને સિંહ, હાથી, જળ અને અગ્નિ પ્રમુખ ઉપદ્રવો ક્ષય પામે છે, કલ્યાણ પરંપરા વૃદ્ધિ પામે છે, દેવતાઓ સહાય કરે છે, કીર્તિ વિસ્તરે છે, ધર્મમાર્ગમાં પુષ્ટ થાય છે, પાપ પ્રણષ્ટ થાય છે, અને સ્વર્ગનાં તથા મોક્ષનાં સુખો નજદીક આવતાં જાય છે.

૩૯ નિર્મળ શીલ કુળના કલંકને હરે છે, પાપ પંકનો ઉચ્છેદ કરે છે, પુન્યની વૃદ્ધિ કરે છે, પ્રતિષ્ઠાનો વધારો કરે છે, દેવતાઓને નમાવે છે, ભારે ઉપસર્ગોને સંહરે છે, અને હેલા માત્રમાં સ્વર્ગ અને મોક્ષના સુખ મેળવી આપે છે.

૪૦ નિર્મળ શીલના પ્રભાવથી મનુષ્યોને નિશ્ચે કરી અગ્નિ પણ જળરૂપ થાય છે, સર્પ પણ ફૂલની માળરૂપ થાય છે, સિંહ પણ હરિણ સમાન થઇ જાય છે, પર્વત પણ પથ્થરની શિલા જેવો થઇ જાય છે, ઝેર પણ અમૃત જેવું, વિઘ્ન–આપદા પણ સંપદારૂપ, શત્રુ પણ મિત્રરૂપ, સમુદ્ર પણ નાનકડા તળાવ તુલ્ય અને અટવી પણ નિજઘરરૂપ થઇ જાય છે. નિર્મળ શીલનો આવો પ્રભાવ સમજી સુજ્ઞ ભાઈ બ્હેનોએ ઉક્ત શીલવ્રત–બ્રહ્મચર્ય પાળવામાં દ્રઢ પ્રયત્ન કરવો ઘટે છે.

## ' માયા–મમતા તજી સંતોષ વૃત્તિને ધારણ કરો. '

૪૧ પરિગ્રહરૂપ નદીનું પુર વૃદ્ધિ પામ્યું છતુ જડ–જળની કલુષતાને પેદા કરતું, ધર્મ–વૃક્ષનું ઉન્મૂલન કરતું, નીતિ કૃપા અને ક્ષમાદિક કમલિનીઓને પીડા કરતું, લોભ–સમુદ્રને વૃદ્ધિ પમાડતું, મર્યાદારૂપ કાંઠાને ભાંગતું, અને શુભ મનરૂપ હંસને ઉડાડી મૂકતું શીશી વિટંબના પેદા કરતું નથી? અપિતુ પરિગ્રહ વૃદ્ધિ કલેશ-કારીજ છે.

૪૨ પરિગ્રહ ઉપર અત્યંત રાગ–મૂર્છા કલહરૂપ હાથીઓને કૂદવા–રમવા વિન્ધ્યાટવી સમાન છે, ક્રોધ–કષાયરૂપ ગીધડાંને રમવા શ્મશાન તુલ્ય છે, કષ્ટોરૂપ સર્પોને રહેવાને બિલ સમાન છે, દ્વેષરૂપ ચોરને ફરવા માટે સંધ્યાસમય સમાન છે, પુન્યરૂપ વનને બાળીનાંખવા દાવાનળ સમાન છે, મૃદુતા–નમ્રતારૂપ વાદળાંને વેરી નાખવા વાયરા સમાન છે, અને ન્યાય–નિતિરૂપ કમળનો નાશ કરવા હિમ સમાન છે.

૪૩ વળી વૈરાગ્ય–ઉપશમનો શત્રુરૂપ, અસંતોષનો મિત્રરૂપ મોહનો સખાઇ, પાપની ખાણ, આપદાનું સ્થાન, કુધ્યાનનું ક્રિડાવન, વ્યાકુળતા–સંકલ્પનો વિકલ્પનો ભંડાર, અહંકારનો વજીર, શોકનો હેતુ, અને કલેશ–કંકાસનું ક્રિડાગૃહ એવો પરિગ્રહ વિવેકી જનોએ પરિહરવા યોગ્યજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૪ જેમ ઈન્ધણાં વડે અગ્નિ તૃપ્ત થતો નથી અને જળ સમૂહ વડે સમુદ્ર તૃપ્ત થતો થતો નથી, તેમ અત્યંત મોહમાં મુંઝાયેલ પ્રાણી પણ ઘણાં ધન વડે પણ તૃપ્તિ પામતો નથી. વળી મુગ્ધ એમ પણ જાણતો વિચારતો નથી કે સમસ્ત દ્રવ્ય-સંપદાને અહીંજ અનામત મૂકીને આત્મા તો ( પોતે કરેલી કરણીને અનુસારે ) પરભવમાં જાય છે તો પછી હું ફોગટ શા માટે ઘણાં પાપનો સંચય કરૂં છું. આવો વિચાર કરાય તો તેથી પણ જીવ પાપથી પાછો ઓસરી શકે. અને કંઈક સંતોષ વૃત્તિને ધારી પરભવ પણ સુધારી શકે.

## " ક્રોધનો ત્યાગ કરી ક્ષમાગુણ સેવો. "

૪૫ જે ક્રોધ, પ્રકૃત્તિ બગાડવા મદિરાનો મિત્ર છે, ભય બતાવી સામાના કાળજાં ફફડાવવા-અત્યંત ત્રાસ ઉપજાવવા કાળા નાગ જેવો છે, શરીરને બાળવા અગ્નિ સમાન છે, અને જ્ઞાનાદિક ગુણનો નાશ કરવા અત્યંત વિષ વૃક્ષ સમાન છે, તેવા દુષ્ટ ક્રોધને આત્મકલ્યાણની ખરી ઈચ્છાવાળા સજ્જનોએ મૂળમાંથી જ ઉખેડી નાંખવો જોઇએ-તેની ઉપેક્ષા નજ કરવી.

૪૬ તપ અને ચારિત્રરૂપ વૃક્ષને જો શાન્ત-વૈરાગ્ય-સમતારૂપ જળ વડે સિંચ્યુ હોય તો તે કલ્યાણની પરંપરારૂપ અનેક પુષ્પોથી વ્યાપ્ત બની મોક્ષ ફળ આપે છે, પરંતુ જો એ ઉત્તમવૃક્ષ ક્રોધ-અગ્નિની આંચ પામે છે, તો તે ફળોદય રહિત બની ભસ્મીભૂત થઇ જાય છે.

૪૭ જે ક્રોધ સંતાપને વધારે છે, વિનયને લોપે છે, મિત્રતાને નષ્ટ કરે છે, ઉદ્વેગ ઉપજાવે છે, અસત્ય વચન બોલાવે છે, કલેશ-કલહ કરાવે છે, યશનો ઉચ્છેદ કરે છે, મતિ બગાડે છે, પુન્યોદયનો નાશ કરે છે, અને નરકાદિ નીચ ગતિ આપે છે, તે દુષ્ટ રોષ સજ્જનોએ તજવા યોગ્ય છે.

૪૮ વળી જે અગ્નિની જેમ ધર્મ-વૃક્ષને બાળી નાંખે છે, હાથીની જેમ નીતિ-લતાને ઉખેડી નાંખે છે, રાહુની જેમ મનુષ્યોની કીર્તિ-કળાને કલંકિત કરે છે, વાયરાની જેમ સ્વાર્થરૂપી વાદળાંને વેરી નાંખે છે, અને તાપની જેમ તાપરૂપી આપદાને વિસ્તારે છે, એવો નિર્દય કોપ કરવો કેમ યોગ્ય હોય ?

## " અહંકાર તજી વિનય-નમ્રતા આદરો. "

૪૯ વિનયાદિ ઉચિત આચરણના સેવન થકી હે ભવ્યાત્મન્ ! તું અતિ દુર્ગમ એવા માન પર્વત ઉપર ચઢવાનું હવે મૂકી દે. કેમકે તેમાંથી અતિ ભારે આપદારૂપી નદીઓની શ્રેણિ નીકળે છે, વળી જેમાં ઉત્તમ જનોને માન્ય એવા જ્ઞાન, ઔદાર્ય, ધૈર્યાદિક ગુણોનું નામ પણ નથી-લવલેશ માત્ર પણ ગુણ નથી, પરંતુ હિંસા બુદ્ધિરૂપી ધુમાડાના ગોટા વડે વ્યાપ્ત અને યોગ્ય વૃત્તિને અગમ્ય એવા ક્રોધ દાવાનળને જે ધારણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૦ અહંકારથી અંધ થએલો પ્રાણી મદોન્મત્ત હાથીની પેરે ઉપરૂપ બંધન સ્તંભને ભાંગતો, નિર્મળ બુદ્ધિરૂપ સાંકળને તોડતો, દુર્વચનરૂપ ધુળના સમૂહને ઉડાડતો, આગમ-વચનરૂપ અંકૂશને અવગણતો પૃથ્વી ઉપર યથેચ્છ ફરતો, અને નમ્રતાવાળા ન્યાય માર્ગને લોપતો કયા કયા અનર્થ નથી કરતો ? અપિતુ અહંકારી માણુસ સઘળા અનર્થ પેદા કરે છે.

૫૧ જેમ નીચ માણુસ અન્યકૃત ઉપગારોની અવગણના કરે છે, તેમ અભિમાની અહંકારી પુરૂષો ત્રણે વર્ગનો લોપ કરે છે, જેમ વાયુ વાદળાંને વેરી નાંખે છે, તેમ મદ યોગ્ય આચારનો લોપ કરે છે, જેમ વિષધર પ્રાણીઓના જીવિતનો નાશ કરે છે, તેમ માન વિનયનો નાશ કરે છે, જેમ હાથી કમલિનીને ઉખેડી નાંખે છે, તેમ મદ-અભિમાન યશ-કીર્તિનો નાશ કરે છે.

૫૨ પ્રાણીઓના સકળ વાંછિતાર્થને પૂરનાર વિનયજીવિતને જે હરી લે છે, તે જાત્યાદિમાન-વિષથી ઉત્પન્ન થયેલા વિષયવિકારને તું વિનયરૂપ અમૃતરસવડે શાન્ત કર.

**' માયા કપટને મૂકી તમે સરલતા આદરો. '**

૫૩ કલ્યાણ કરવામાં વાંઝણી, સત્ય-સૂર્યનો અસ્ત કરવા સંધ્યા સમાન દુર્ગતિરૂપ સ્ત્રીની વરમાળા, મોહરૂપ હાથીને રહેવાની શાળા, ઉપશમરૂપ કમળને બાળવા હિમ સમાન, અપયશની રાજધાની અને સેંકડો ગમે કષ્ટો જેની પુંઠે રહેલાં છે, તેવી દુષ્ટ માયાને તું તજી દે.

૫૪ અનેક પ્રકારના ઉપાયોવડે જે કપટ કરી અન્યને છેતરે છે, તે મહા અજ્ઞાન યુક્તજનો પોતાનેજ સ્વર્ગ અને મોક્ષના ખરા સુખથી બેનશીબ રાખે છે-પોતે પોતાનેજ છેતરે છે.

૫૫ જે દુર્બુદ્ધિ ધનના લોભથી, અવિશ્વાસના વિલાસસ્થાનરૂપ કપટને કેળવે છે, તે દુધને પીતો બિલાડો જેમ ડાંગને દેખતો નથી, તેમ આવી પડતી અનર્થ પરંપરાને દેખી શકતો નથી.

૫૬ જેમ અપથ્ય જમણ પરિણામે રોગ પેદા કર્યા વગર ઝરતું નથી, તેમ કપટ કેળવવામાં તત્પર ચિત્તવાળા મુગ્ધજનને છેતરવા જે કળા-કૌશલ્ય ( ચતુરાઇ ) કેળવે છે તે આ લોકમાં પણ કંઇપણ નુકશાન કર્યા વગર રહેજ નહિ, કંઇને કંઇજ નુકશાન કરેજ. પરભવમાં નરકાદિ નીચ ગતિ યા સ્ત્રી અવતાર પ્રાપ્ત થાય છે, માયા-કપટ ઉપર શ્રી મલ્લીનાથના જીવ મહાબલનું દૃષ્ટાંત વિચારી ધર્મકાર્યમાં પણ કપટ કેળવવાની કુટેવ સર્વથા તજી દેવી.

**' લોભ-તૃષ્ણા તજી સંતોષનું સેવન કરો. '**

૫૭ જેઓ ધનાંધ બની ભયંકર અટવીમાં ભમે છે, વિકટ દેશાન્તરમાં ફરે છે, અથાગ સમુદ્રને ઉલ્લંઘે છે, બહુ કષ્ટ સાધ્ય ખેતી કરે છે, કૃપણ સ્વામીથી સેવા કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, અને હાથીઓના સમૂહના સંઘટ્ટવડે જેમાં ચાલવું દુઃશકય છે, એવા યુદ્ધસ્થાનમાં પણ જાય છે. એ સર્વ લોભનોજ પ્રભાવ સમજી તેનો જય કરવા પ્રયત્ન કરવો.

૫૮ મોહરૂપ વિષવૃક્ષના મૂળરૂપ, પુન્યરૂપ સમુદ્રનું શોષણ કરનાર, ક્રોધ અગ્નિને પેદા કરનાર, પ્રતાપરૂપ સૂર્યને આચ્છાદન કરવા મેઘ જેવા, કલહનું ક્રીડાસ્થાન, વિવેકરૂપ ચંદ્રને રાહુતુલ્ય, આપદારૂપી નદીને મળવા સમુદ્ર તુલ્ય અને કીર્તિરૂપ લતાઓને નાશ કરવા હસ્તી તુલ્ય એવા લોભનોજ પરાભવ કરો.

૫૯ સમસ્ત ધર્મરૂપ વનને બાળી નાંખવાથી વૃદ્ધિ પામતો દુઃખરૂપ ભસ્મવાળા, વિસ્તરતા અપયશરૂપ ધૂમાડાવાળા, અને ધનરૂપ ઇન્ધનનો સમાગમ થતાં અત્યંત વધતા એવા લોભાગ્નિમાં સર્વે ગુણો પતંગની પેરે ભસ્મીભૂત થઇ જાય છે, એમ સમજી સુજ્ઞજનોએ દુઃખદાયી લોભ તૃષ્ણાનો ત્યાગ અને સંતોષનો આદર કરવો યુક્ત છે. તે સંતોષનો પ્રભાવ શાસ્ત્રકાર પોતેજ બતાવે છે.

૬૦ સમસ્ત દોષ રૂપ અગ્નિને ઉપશમાવવા મેઘવૃષ્ટિ સમાન સંતોષને જે મહાનુભાવો ધારે છે, તેમની આગળ કલ્પવૃક્ષ ઉગ્યો પ્રત્યક્ષ થયો જાણવો. કામધેનુ તેમના ઘરે આવી, ચિન્તામણિ રત્ન હથેળીમાં આવ્યું, દ્રવ્ય નિધાન નજદીક આવ્યો, વળી આખું જગત નિશ્ચે વશ થયું અને સ્વર્ગ તથા મોક્ષની લક્ષ્મી પણ સુલભ થઈ જાણવી. આવા હેતુથી સંતોષજ સેવવો ઉચિત છે. અપૂર્ણ.

# આત્માના માનસિક કરણો.

( ગયા વર્ષના છેલ્લા અંકના પૃષ્ટ ૩૬૯ થી શરૂ. )

ગયા અંકમાં અમે બુદ્ધયાત્મક મન વિષે કહી ગયા છીયે હવે પછી ક્રમમાં ત્રીજુ દિવ્ય મન (spiritual or super conscious mind) આવે છે, જેમ બુદ્ધિના વ્યાપારો તમારા "હું" નો વિષય બની શકે છે, તેમ મનના આ ઉપરી પ્રદેશમાંથી આવતા ભવ્ય સ્ફુરણો પણ તમારો વિષય બની શકવા યોગ્ય છે. તેના ઉપર તમે વિચાર કરી શકો છો, તેનું પ્રથક્કરણ કરી તેના સ્વરૂપનું નિદાન ચોકસ કરી શકો છો અને બીજા સર્વ વિકારો કે વિચારોની માફક આ પ્રદેશમાંથી આવતી વસ્તુઓ ઉપર પણ તમારૂં શસ્ત્ર ચલાવી શકો છો. ગમે તેવી ઉચ્ચ ભાવના કે દિવ્ય સ્ફુરણ પણ તમારા સ્વરૂપથી એક ભૌતિક પદાર્થની જેમ ભિન્ન છે અને તે અનાત્મ કોટીમાં મુકાવા યોગ્ય છે. આ મનમાંથી ઉદ્ભવતા વ્યતિકરો તેમજ એ મનના સ્વરૂપનું હજી આપણામાં એટલું બધુ અજ્ઞાન છે કે તે સબંધી ગમે તેવી બુદ્ધિમત્તા ભરી ચર્ચા પણ આપણે માટે વ્યર્થ છે. એ ઇશ્વરી મનમાં પ્રવેશવા જેવી હજી આપણી સ્થિતિ બ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની નથી. આપણા વર્તમાન વિકાસવાળા માનસીક બંધારણની સાથે સરખાવતા તે દિવ્ય મનની કશી પણ કલ્પના અત્યારે આપણને આવી શકે નહીં. આ મન જેમનામાં ન્યુનાધિક અંશે વિકસ્યુ હોય છે તેમના સંબંધે આપણા અલ્પજ્ઞ મનુષ્યોના બધા ધોરણો રદ જાય છે. અને આપણા માપીઆથી તેમને માપી જોવા પ્રયત્ન કરવો એના જેવી મુર્ખાઈ એકે નથી. એ મનમાં એવી અદ્દભૂત વસ્તુઓ ભરી છે કે જેની સાથે સરખાવતા આપણામાં સર્વોત્કૃષ્ટ ગણાતા વિજ્ઞાનની ટોચે પહોંચેલા મનુષ્યોના મન માંહેના પદાર્થો એ માત્ર રત્નની સરખામણીમાં ચળકતા બીલોરી કાચના કટકા જેવા છે. તેમ છતાં એ દિવ્ય મનની સાથે સંબંધમાં આવેલા મહાજનો પણ એવા અર્થવાળા વાકયો આપણને આપતા ગયા છે કે ઉચ્ચમાં ઉચ્ચ અને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ માનસ વિકાસ ઉપર તેમનું " હું " તો જુદુજ વિરાજી રહ્યા કરે છે અને તેના આધિપત્ય નિચેજ બધા પ્રકારના તે.મનના વ્યાપારો ચાલતા હોય છે. ઉન્નતમાં ઉન્નત માનસીક અવસ્થા પણ " હું " ના આધિપત્ય તળે જ વર્તતી હોય છે. મનની બધી સ્થિતિઓ એ " હું " થી પર છે અને આત્મા તેને યંત્ર તરીકે વાપરતો હોય છે. વર્તમાનમાં આપણે આપણને આપણા મનની સહાય વિના અનુભવી શકતા નથી. ઉચ્ચમાં ઉચ્ચ મનોસ્થિતિવાળા મહાપુરૂષોને પણ જે " હું " નો અનુભવ થએલો હોય છે તે પણ તેમના દિવ્ય મનની સહાય દ્વારાજ થએલો હોય છે. ખરૂં છે કે તેમનું મન એક શાંત અક્ષુબ્ધ સરોવર જેવું હોવાથી " હું " નું પ્રતિબિંબ ઝીલવા અત્યંત લાયક બનેલું હોય છે. છતાં પણ એટલું ભૂલવાનું નથી કે તેમને પણ મનના યંત્ર વિના ચાલતુ નથીજ, તે યંત્ર વિનાની આત્માની સ્થિતિ કેવી હશે તેનો ખ્યાલ આવવો મહાજનોને પણ દુષ્કર છે. હમે તો વિષય સંબંધે હમારૂ અજ્ઞાન ખુલ્લા દિલથી કબુલ કરી દઇએ છીએ. મનુષ્ય પોતાથી અલ્પ સરખી પણ ઉપર ઉચ્ચતાએ વિરાજતા આત્માની મનોસ્થિતિમાં પ્રવેશી શકતો નથી તો પછી એવા અનંત પ્રગતિનો રસ્તો કાપી પરમાત્મકોટીમાં પ્રવેશેલા આત્માનું સ્વરૂપ સમજવાનો આગ્રહ કયો મૂર્ખ રાખી શકે ?

" હું " પોતાનો પ્રકાશ પોતા ઉપર નાખી મનના યંત્રની સહાય વિના પોતાને સિધિ રીતે વિષય કરી શક્તો નથી તેમ છતાં " હું " તો ગમે તેવી નિકૃષ્ટ સ્થિતિમાં પણ રહેલુંજ હોય છે, જેને આપણે નિગોદ કોટીના જીવો કહીએ છીએ ત્યાં પણ આ " હું " તો અવ્યક્તપણે રહેલુંજ હોય છે. જેમ જેમ મનનું બંધારણ ઉચ્ચ પ્રકારનું બનતુ જાય છે, અર્થાત્ તે યંત્ર વધારે વધારે પાણીદાર અને કાર્યકર બનતુ જાય છે તેમ તેમ તે " હું " ની અધિકાધિક અભિવ્યક્તિ બનતી જાય છે. એક દ્રષ્ટાંતથી " હું " ના સ્વરૂપને બીજી રીતે સમજાવીએ. એક વિજળીનો દીવો કલ્પો અને તેના ઉપર લુગડાના ઘણા પડો વિંટાએલા છે એમ માનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ જેમ તે પડ ઉતારવામાં આવે છે તેમ વિદ્યુતના દિપકનો પ્રકાશ અધિકાધિક વ્યકત બનતો જાય છે. અને તેમ છતાં તે પડ ઉતરતા પહેલાં પણ દિપકતો ત્યાંનો ત્યાંજ અને જેવોને તેવોજ હતો. તેના ઉપરથી આવરણો ખસેડ્યા પછી તેના સ્વરૂ-માં કશોજ તફાવત પડ્યો નથી. એ દિપક રૂપી " હું " નો આપણને અત્યારે જે કાંઈ ખ્યાલ છે તેનો આધાર તે આત્મદિપક ઉપરથી કેટલા આવરણો ખસ્યા છે તેના ઉપર છે. આથી " હું " નું મૂળ અને વિશુદ્ધ વસ્તુસ્વરૂપ કેવું છે તે જાણવાની આશા રાખી શકાય તેમ નથી. આપણા આવરણોની નિવૃતિના તારતમ્ય અનુસાર આપણું " હું " પ્રતિભાસમાન બને છે અને તે પણ સાક્ષાત્ અથવા અપરોક્ષ પણે નહી પણ મનના યંત્રદ્વારાજ તેનો અનુભવ આવી શકે તેમ છે. આપણી પ્રગતિના પંથમાં જેમ જેમ આપણા પડો ખસતા જશે તેમ તેમ આપણું સ્વરૂપ આપણને તેના વિશુદ્ધ પ્રકાશમાં માલુમ પડતું જશે. એ આવરણો અત્યારેજ ખરીપડવા ત-ત્પર બનેલા છે અને માત્ર તમારા બલવાન સંકલ્પ અને આજ્ઞાની રાહ જોઇ બેઠા છે. મનુષ્યને જ્યારે પોતાનું સ્વરૂપ માલુમ પડે છે અને પોતાનો તે આવરણો સાથેનો સબંધ સમજાય છે તે પછી તે આવરણોની શક્તિ નિર્બળ બને છે અને પોતે સબળ બને છે. જે યંત્રથી આજસુધી તમે પોતે ડર્યા કરતા હતા તે યંત્રના હવે તમે માલીક બન્યા છો. અને તેથી તેની મદદ વડે તે આવરણોને કાપી નાંખી તમારા સત્ય સ્વરૂપના અધિક સબંધમાં અને ભાનમાં આવતા હવે તમને કોઈ ખાળી શકે તેમ નથી. તમારા યંત્રો તમને સંસારમાં રખડાવવા માટે મળેલા નથી પણ તમારા આવરણોને ભેદવા માટે મળેલા છે. આજસુધી આપણે અવળો કાયદો ચલાવ્યો હતો અને આપણી તલવારથી આપણા ઉપર જ ઘા કર્યે ગયા હતા, હવે શું કરવું એ સહુએ પોતપોતાને માટે શોધી લેવાનું છે.

હવે જ્યારે તમને નિશ્ચય થયો છે કે તમે જે જે વસ્તુને તમારો વિષય બનાવી શકો છો તે તમારાથી ભિન્ન અને તમારા ઉપયોગ અર્થે નિર્માએલું યંત્ર છે, ત્યારે તમને સ્વાભાવિક પ્રશ્ન એ થશે કે એ સર્વ પછી મારા સ્વરૂપભૂત અવશેષ શું રહ્યું ? જ્યારે બધું જ અનાત્મકોટીમાં જાય છે, ત્યારે આત્મકોટીમાં શું રહ્યું ? ઉત્તર એજ કે " હું પોતે " તમે અનંત યુગ સુધી એ " હું " થી નિરાળા બનવા પ્રયત્ન કરશો તો પણ તેને તમારાથી જુદુ પાડી નાખવામાં વિજય પામી શકવાના નહી જ. તમે જેમ પ્રત્યેક પદાર્થ વિચાર કે ભાવનાને જુદી પાડી નાખી તેને તમારો વિષય બનાવી શકો છો, તે પ્રમાણે તમારા " હું " ના સબંધે કરી શકવાના નહી. તમને એમ રહ્યા કરતું હશે કે " હું " નો પણ વિચાર કરી તેને વિષય કોટીમાંમુકી શકાય અને અન્ય સ્થૂળ સૂક્ષ્મ પદાર્થોની માફક તેને પણ ભિન્ન અનુભવી શકાય. પરંતુ જરા ઉંડો વિચાર કરવાથી માલુમ પડશે કે જ્યારે તમે તેમ કરવા જાઓ છો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તમે ખરી રીતે તમારા “ હું ” ને જુદો પાડી તેના ઉપર વિચાર ચલાવી શકતા નથી, પરંતુ તમારા એકાદ માનસિક લક્ષણને જુદુ પાડી તેના ઉપર જ તમારા શસ્ત્રનો પ્રયોગ કરો છો. તમે તે વખતે કોઇ મનોધર્મને તમારા “ હું ” નો વિષય બનાવી તેને તમારાથી ભિન્ન અનુભવો છો. તમારૂં “ હું ” તો આ બધો વખત આ માનસિક લક્ષણોને જુદા પાડી તેના ઉપર વિચાર કરવાના કામમાં રોકાએલું રહે છે. વિષય અને વિષયી, પરીક્ષક અને પરીક્ષિત, વિચાર કરનાર અને વિચારવાની વસ્તુ, જ્ઞાતા અને જ્ઞેય, એ બધું એક જ હોઇ શકે નહી. સૂર્ય જેમ પોતાના સ્વરૂપથી જુદો પડી પોતાના ઉપર પ્રકાશ ફેંકી શકતો નથી તેમ “ હું ” પણ પોતાથી નિરાળો પડી જઇ પોતાના “ હું ” ઉપર પ્રકાશ ફેંકી શકતો નથી. તમે ઘણીવાર હું નો વિચાર કરતા હશો. તમારૂં “ હું ” તો તે વિચારકાળે વિચારની જ ક્રિયામાં નિયુક્ત થએલ હોય છે. અને તેને તમે કદીપણ તમારો પોતાનો વિષય બનાવી શકો નહી. અને તમારાથી ભિન્નરૂપે–વિષયરૂપે કદી જ અનુભવી શકવાના નહી. તમે પુછશો કે જો તેમજ હોય તો પછી “ હું ” ના હોવાપણાની સાબીતી શું ? એજ કે સર્વ કોઇને “ હું ” નું ભાન, પોતે અસ્તિમાન છે એવી જ્ઞપ્તિ નિરંતર રહ્યા કરે છે. “ હું ” નથી એમ કહેનાર જ “ હું ” પોતે છે. એ “ હું ” ની શંકા કરનાર પોતે જ “ હું ” છે. આત્માને જે કાંઇ ઉચ્ચમાં ઉચ્ચ જ્ઞાન લભ્યમાન છે, તે “ હું છું ” એજ છે. એ શિવાયનું બધું જ્ઞાન તેના સાથે સ્વરૂપ સબંધ ધરાવનાર નથી, પરંતુ ક્ષણવારને માટે યંત્રની માફક વાપરવા માટે જ છે.

છેવટના પ્રથક્કરણમાં “ હું ” જ માત્ર તમારા વાસ્તવ સ્વરૂપ સાથે કાયમનો સબંધ રાખનાર તમને જણાઈ આવશે. એને ગમે તેટલા પ્રયત્નથી પણ તમે તમારાથી દૂર અનુભવી શકવાના નથી. જે તમારી સાથે નિત્ય સબંધ રાખનાર છે એજ તમે છો. જેને તમે “ હું ” કહો છો તે પોતે જ તે છે. તે તમારાથી િખુટો પડવાની ચોખ્ખી ના પાડે છે. તે અચળ, અમર, અવિકારી છે. ચૈતન્ય મહાસાગરનું તે એક બિંદુ છે. જેવી રીતે તમે “ હું ” ના મૃત્યુની કલ્પના કરી શકવામાં નિષ્ફળ બનો છો, તેજ પ્રકારે “ હું ” ને તમે તમારાથી દૂર અનુભવવાની કલ્પનામાં પણ નિષ્ફળ નિવડો છો. વસ્તુ માત્રને દૂર મુકનાર પોતે દૂર કેવી રીતે જઈ શકે ? જો તમે “ હું ” ને નિરાળુ કરી શકો તો પછી એ “ હું ” ને વિષય કરનાર બીજું કોણ અવશેષ રહેશે ? અત્ર અને તત્ર ઉભયસ્થાને એક જ “ હું ” કેવી રીતે રહી શકે ? “ હું ” એ “ હું નથી ” એ ગમે તેવી ભીષણ કલ્પનામાં પણ આવી શકે જ નહી. કલ્પનાનું સામર્થ્ય અમર્યાદ છે, તે અનંત બ્રહ્માંડોને ભેદીને પાર જઈ શકે છે; છતાં જ્યારે તેને “ હું નથી ” એવી કલ્પના કરવાની આજ્ઞા કરવામાં આવે છે, ત્યારે તે પોતાની તેમ કરવાની અશકિત કાંઇપણ શરમ વિના કબુલ કરે છે. વિશ્વમાં જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇપણ એવી વાત હોય કે જે જેને મનુષ્યની કલ્પનાશકિત ગ્રહી શકવા અસમર્થ હોય તો તે એકજ છે. અને તે એ કે "હું નથી" એમ તે કદી જ કલ્પી શકવાની નહી.

મનુષ્ય પોતાના વાસ્તવ "હું" ના ભાનમાં આવે એના જેવો અન્ય કોઈ પણ ઉત્કૃષ્ટ મહાભાગ્યનો પ્રસંગ નથી. એ ભાનમાં વિશ્વની સમસ્ત શક્તિઓ સુપ્તાવસ્થામાં રહેલી છે, અને જ્યારે તે પોતાના ભાનમાં આવે છે ત્યારે તે સર્વ કોઈને યંત્રની માફક વાપરી શકવા સમર્થ બને છે. આ ભાનમાં પ્રવેશવા માટે આત્મા અનંતકાળથી પર્યટન કર્યા કરે છે. જ્યારે તે પોતાના "હું" ને મેળવે છે ત્યારે તે આધ્યાત્મિક સૃષ્ટિમાં પ્રવેશ કરવાને લાયક બને છે. જે ક્ષણથી એ ભાનમાં દાખલ થાય છે તે ક્ષણથી તેનું ભાવી બદલી જાય છે. તે મનુષ્ય મટીને ત્વરાથી દેવત્વને પ્રાપ્ત કરતો ચાલે છે. પછી તેના ચક્ષુઓ ઉઘડે છે અને વિશ્વના મહા સંકેતને તે પ્રત્યક્ષ કરી શકે છે. અત્યારે જે રસ્તો તિમિરાવૃત ભાસે છે, તેનું પ્રત્યેક પદ પછી પ્રકાશયુક્ત જણાવા માંડે છે. ટુંકામાં મનુષ્ય ઝડપથી પોતાના અંતિમ વિરામના પદ ભણી ગતિ કરવી શરૂ કરે છે.

આમાં અમોએ કશીજ નવી વાત તમને કરી નથી એમ ગણી તમે તેને ઉડાવી દેશો નહીં. તમારામાંથી ઘણાઓને આ સ્પષ્ટિકરણમાં એકની એક વાતની પુનરાવૃતિ અને શબ્દજાળ જણાશે અને કદી તમને પણ તેમ જણાયું હોય તો તેમાં તમારો દોષ નથી. જે ભાવના હજી જનહૃદયને છેકજ અપરિચિત છે, તેનું ગમે તેટલું પ્રબળ વિવેચન લોક હૃદયમાં કશીજ ઉંડી અસર પ્રકટાવતું નથી. તે માત્ર સપાટી ઉપરજ રહ્યા કરે છે. તેના અંતઃકરણને ભેદીને એક તસુ પણ તે ઉંડુ ઉતરતું નથી. છતાં જો આટલી શબ્દની મારામારી પછી હમો આ વિષયનું મહત્વ તમારા મન ઉપર પ્રગટાવી શકયા હોઈએ તો આ પ્રયત્ન છેકજ નિષ્ફળ ગયેલો નહીં ગણાય. અમારી તમારા પ્રત્યે એટલીજ પ્રાર્થના છે કે "આ વાતને માલ વિનાની ગણી ઉડાવી ન દેશો. તે અત્યંત મહત્વની અને તમારા ભાવિના વિકાસક્રમના આધારભૂત છે એમ ગણી તેને અત્યંત સન્માન આપશો." આ સત્યનું પ્રતિપાદન કરવા માટે શાસ્ત્રકારોએ કરોડો ગ્રંથો રચ્યા છે. અને અનેક પ્રકારે, અનેક રસ્તે, અનેક વિધિથી એજ મુદ્દો જન હૃદય ઉપર અંકિત કરવા ઉદ્યમ સેવ્યો છે.

જ્યાંસુધી "હું છું" એ વાતનો ગાઢ અનુભવ ન થાય ત્યાંસુધી તે પ્રકારનો નિત્ય અભ્યાસ કરો, એ ભાનને તમારા અંતઃકરણમાં ઉંડુ ઉતરવા દો. આ સત્ય ગ્રહણ કર્યા પછી તમે તમારા સ્થૂળ સૂક્ષ્મ કરણોને અતિ અધિક અસરકારક રીતે વાપરી શકશો. કેમકે પછી તમને પ્રતિતિ થએલી હશે કે મન એ મારૂં હથીઆર માત્ર છે, અને મારી આજ્ઞા ઉઠાવવાને બંધાએલું છે. તમે તમારા મનની વૃત્તિઓના વિકારોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને આવેગોના ગુલામ નથી, પણ એ તમારા સેવક છે એમ તમને નિશ્ચય થશે. અત્યારે એ બધા તમારા "હું" સાથે સેળભેળ બની ગયા છે. જેમ પોતાનું પદ ન સમજનાર નૃપતિ સાથે તેના ખવાસો અને નોકરો અણઘટતી છુટ લઈ ગમે તેમ વર્તે છે, તેમ જ્યાંસુધી તમારૂં પદ તમને સમજાયું નથી અને એ પદના ભાનમાં પ્રવેશ્યા નથી ત્યાંસુધી તમારા માનસીક હથીઆરો પણ તમારી સાથે ગમે તેમ વર્ત્યા કરે છે. પરંતુ જે ક્ષણથી નૃપતિ પોતાનું પદ અને સ્વરૂપ સમજી પોતાનો અમલ ચલાવવા માંડે છે તે ક્ષણથી જેમ નોકરવર્ગ તેની આજ્ઞા શીર ચઢાવી રાજાની મરજી અનુસાર વર્તે છે, તેમ આત્મા પણ પોતાનું વાસ્તવ "હું" નું પદ સમજી પોતાના કરણો ઉપર પોતાનું સ્વામિત્વ બેસારી શકે નહીં ત્યાંસુધી તેના કરણો પણ ગમે તેમ વર્તે છે. આત્મા પોતાના પદને સમજ્યા પછી ગુલામના પદમાંથી ઉપર ચઢીને માલેકના અધિકારને મેળવે છે, સેવક મટી સેવ્ય બને છે. વાસ્તવમાં તમારૂં "હું" સબળ છે અને તે શિવાયના બધાજ કરણો નિર્બળ છે. તમારા વાસ્તવ "હું" ના રાજ્યાસન ઉપર કોઇને ચઢવા ન દ્યો. તેમ કરવાથી તમારી તમામ શક્તિઓ તમારી આજ્ઞાવર્તી બનશે. સામર્થ્યનો મહામંત્ર 'હું છું' એ પ્રકારના ભાનના સાક્ષાત્કારમાં રહેલો છે. "હું" શિવાયની તમામ વસ્તુઓને અનાત્મકોટીમાં પુરી દઈ, તેની પાસેથી યંત્ર તરીકે કામ લેવાનું ગુપ્ત રહસ્ય આ "હું છું" ના ભાનના વિકાસમાં રહ્યું છે.

મનુષ્યે તેના આત્માના ઉંડાણમાં આટલી વાત દઢપણે સ્થાપીત કરવી જોઇએ કે તેના પ્રત્યેક માનસીક ઉદ્યમ કે પ્રવૃતિની પાછળ તેનું "હું" રહેલું છે. તે મનને કાર્યમાં જોડાવાની આજ્ઞા કરે છે અને તે આજ્ઞાને મન ઉઠાવી લે છે. વાસ્તવમાં તમારૂં "હું" એ મનનું સ્વામી છે. અધિપતિ છે અને મન તેનો સેવક—અનુચર આજ્ઞાવાહી છે. તમે રથી Driver છો, મન એ રથ છે. ખરૂં છે કે અત્યારે મનુષ્ય બળદ અને ઘોડાની જેમ જ્યાં ત્યાં હંકાયા કરે છે અને તેને હાંકનારી સત્તા મન છે, પરંતુ તેનું આ કારણ એજ છે કે તેણે હાંકનાર તરીકેનો પોતાનો હક સ્થાપિત કર્યો નથી. મનુષ્ય ધારે તે ક્ષણે હંકાવાની ગુલામગીરીમાંથી છુટો થઇ શકે તેમ છે. ખરીરીતે તે મેંઢા જેવો નથી, પણ સિંહ જેવો છે. મનની બધી સ્થિતિઓએ તેના આગળ હરણ તુલ્ય નિર્બળ છે. પરંતુ સિંહને પોતાના સ્વરૂપ અને જન્મ હકની વિસ્મૃતિ થએલી છે. શાસ્ત્રકાર તેને અનેક રીતના દષ્ટાંત અને ઉદાહરણ આપી જગાડવા પ્રયત્ન કરે છે, પરંતુ ઘણો કાળ ગુલામી અને કેદ અનુભવ્યા પછી પોતે સ્વતંત્ર અને માલીક થવાને યોગ્ય છે, એ વાત તેનાથી માની શકાતી નથી. હવે જાગૃત થવાનો સમય છે, તમારા માનસીક સ્વાતંત્ર્યના જાહેરનામા ઉપર હવે તમે સહી કરો અને તમારા મનને ફરમાવી દો કે "અત્યાર સુધી ગમે તેમ ચાલ્યુ પણ હવે હું મારો હક સંભાળુ છું. હવેથી તમારે મારી આજ્ઞા શિવાય કાંઈ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ હિલચાલ કરવી નહીં." આ પ્રમાણે તમારા મનના મહારાજ્ય ઉપર વિનય સ્થાપો.

ઘણાનું એમ માનવું છે કે મનની સ્થિતિને અનુસરી સુખદુઃખવાળી અવસ્થા અનુભવ્યા શિવાય મનુષ્યને ચાલે તેમ નથીજ. પરંતુ આ વાત પામર મનુષ્યોના સબંધેજ સત્ય છે. સંયમી મનુષ્યો આ કલેશથી મુકત થએલા હોય છે, કેમકે તેમણે મનની વિવિધ અવસ્થાઓ ઉપર પોતાના "હું" નું સામ્રાજ્ય સ્થાપેલું હોય છે, અને તેમના મનના બધા વ્યાપારો એક યંત્ર જેમ ઈન્જીનીઅરની દેખરેખ નીચે ચાલે છે તેમ, તેમની આજ્ઞામાં વશ રહીને પ્રવર્તતા હોય છે. બાહ્ય મનના ઉપર તેમનો કાબુ નિરંતર સ્થપાએલોજ રહે છે. અને મનના પ્રત્યેક પ્રવર્તનને પોતાના સર્વોત્કૃષ્ટ હિતના માર્ગેજ દોર્યે જાય છે. એટલુંજ નહી પણ તેઓ પોતાના આંતર મનને (Subconscious mind) પણ નિર્ણીત કાર્ય કરવા માટેજ આજ્ઞા આપી મુકેલી હોય છે. અને તેને અનુસરી તે મન નિદ્રામાં અવ્યકતપણે તે નિર્દિષ્ટ કાર્યને જ કરતું હોય છે.

આપણા બધા વિચારો, લાગણીઓ, વૃત્તિઓ આવેગો વિગેરે ઉપર આપણું સ્વામીત્વ હોય એ ભાવના આપણને આ કાળે તદન અપરિચિત છે. એક સહજ સરખી ચિંતા આપણને આખી રાત્રીનો ઉજાગરો કરાવે અને ગમે તેટલો પ્રયત્ન છતાં આપણો પીછો ન છોડે, એ પરવશપણાનો ખ્યાલ તેના સંપૂર્ણ રૂપમાં આપણને કયારે આવશે ? કોઇ વાતની ચિંતા કરવી કે નહી અથવા અમુક વિચારોને વશ રહેવું કે નહી, તેનો નિશ્ચય આ કાળે આપણાથી થતો નથી, એનાથી બીજુ મોટું કમનસીબ કયુ હોઇ શકે ? એક ભયનું વાદળ આપણા શીર ઝઝુમતુ હોય અને આવતી કાલે તે આપણા ઉપર ત્રુટી પડવાનું છે એમાં શક જેવું કાંઇજ ન હોય છતાં તે ભય અને આપત્તિ કરતા તેની પૂર્વગામી ચિંતાનુ કષ્ટ સહસ્ત્ર ગુણ અધિક તિવ્ર છે; એ ચિંતાના કષ્ટથી મુકિત થવાય તો ખરી આપત્તિને અંગે રહેલું કષ્ટનું જોર છેકજ નરમ પડી જાય છે.

મનુષ્યને તેની પ્રધાન લાગણીઓનો વેગ ગમે ત્યાં ઘસડી જાય, તેને નિરંતર સતાવ્યા કરે અને તે છેવટ પામર થઇને અવશપણે ઘસડાયા કરે તેના જેવી બીજી એક પણ કફોડી સ્થિતિ સંભવતી નથી. અનંતયુગનો વારસદાર અજર, અજન્મ અચળ અને વાસ્તવમાં પરમાત્મ સ્વરૂપ મનુષ્ય તેના ભેજામાં ઉત્પન્ન થતા ચિત્રથી ડર જઇને રંક પામર બની ઢીલે વદને પોતાનું નિર્બળપણું કબુલ કરે એ સ્થિતિનું સ્વરૂપ સમજતાં મનુષ્ય કયારે શીખશે ? તેના મનની બનાવટથી મનનો સ્વામી ગભરાય એ બીના કોઇ દેવ પોતે વિકુર્વેલી માયાથી ડરી જાય તેના જેવી છે. ચિત્રકાર જેમ પોતાના ચિત્રના ભયાનક દેખાવથી ડરી જતો નથી. કેમકે તે જાણે છે કે ચિત્ર પોતાનીજ બનાવટ છે તેમ ખરી રીતે મનુષ્યે પોતાની માનસીક બનાવટથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડરવાનું નથી. અને છતાં મનુષ્યોને એ બનાવટ એટલી બધી વાસ્તવીક અને ડરવા યોગ્ય લાગે છે કે તેમનાથી આ વાત સાચી માની શકાતી નથી. આપણા બુટમાં એક કાંકરો આવી ગયો હોય તો તેને તુર્તજ બહાર કાઢી નાખી તેને ખુંચતો અટકાવી શકીએ છીએ, તેજ પ્રમાણે કોઈ ખુંચ્યા કરતો વિચાર આપણામાં પેસી ગયો હોય તો તેને પણ તેજ રીતે આપણે બહાર ફેંકી દઈ શકીએ તેમ છીએ. જોડામાંથી કાંકરો કાઢી નાંખવો આપણને સુલભ અને સરલ ભાસે છે, અને વિચારને તેજ પ્રમાણે કાઢી નાખવો દુષ્કર ભાસે છે, તેનું કારણ એ છે કે, આપણે આપણા બુટ ઉપર આધિપત્ય મેળવ્યું છે—તે આપણું હથીઆર છે અને આપણા પગના રક્ષણ અર્થે એક હથિઆર તરીકે તેને વાપરવાનું છે એમ આપણને નિરંતર ભાન રહ્યા કરે છે અને તેથી તેવા ભાનની સહાય વડે તુર્તજ તેને પગથી દુર કરી તેમાંથી કાંકરો કાઢીને ફેંકી દઇએ છીએ. પરંતુ મનના સબંધે તે આપણું હથિઆર હોવાનું, અને આપણા ઉત્ક્રાંતિક્રમમાં માત્ર તે સહાયક તરીકે આપણને તે સાંપડેલ છે, તેવા પ્રકારનું ભાન પ્રગટેલું નથી, તેથી આપણું "હું" જોડા ઉપર જેટલું સ્વામિત્વ ધરાવે છે, તેટલું મન ઉપર ધરાવી શકતું નથી. મનનું પ્રવર્તન આપણા હાથમાં નથી, એવું ભાન રહ્યા કરતું હોવાથી તેના કાર્યને આપણે વશ રહેવું પડે છે. અને આપણે આપણામાં પ્રધાનપણે ચાલતા વિચાર ઉપર આધિપત્ય સ્થાપી શકીએ તેમ છીએ જ નહી એ માન્યતા ચોક્કસ થઇ ગઇ છે. આ માન્યતા આપણું મોટામાં મોટું દુર્ભાગ્ય છે.

પ્રાણિ માત્રને પોતપોતાની માન્યતાજ સુખદુઃખનું નિમિત્ત થાય છે, એ વાત આથી સ્પષ્ટ થાય છે. મદારી લોકો વાંદરાને કેવી રીતે પકડે છે તે તમે જાણો છો? તેઓ એવા પ્રકારનું પાંજરૂ બનાવે છે કે જેમાં વાંદરાનો ખાલી હાથ આવી શકે પરંતુ મૂઠી વાળેલો હાથ ન આવી શકે. આ પાંજરામાં તેઓ દાળીઆ જેવી કાંઇ ખાવાની વસ્તુ મૂકે છે. વાંદરો તેમાં પોતાનો ખાલી હાથ નાખી તે વસ્તુ મૂઠીમાં ગ્રહણ કરે છે અને પછી તે મૂઠી વાળેલો હાથ બહાર કાઢવા પ્રયત્ન કરે છે. પરંતુ મૂઠી વાળેલો હાથ પાછો નિકળી શકે એટલો પહોળો અવકાશ હોતો નથી. અને તેથી આંચકા માર્યા કરે છે. વાંદરો તે વખતે ધારે તો ખાવાની ચીજ પડતી મૂકી ભાગી જઈ શકે છે પરંતુ તેની માન્યતા એવીજ હોય છે કે હવે પાંજરામાં ગડેલો હાથ પાછો નિકળેજ નહીં. આ પ્રકારનું ભાન તેના સ્વાતંત્ર્યને લુંટી લે છે અને મદારી આવીને તેને હાથ કરી લે છે.

વાંદરાના સબંધેજ આ પ્રમાણે છે એમ નથી, પરંતુ સુધારાની ટોચે પહોંચેલા મનુષ્યના સબંધે પણ તેમજ છે. ઘણા મનુષ્યો પોતાના માનસીક વ્યાપાર સબંધે વાંદરાથી કોઈ રીતે ચઢીઆતી સ્થિતિમાં છે એમ કોઇથી કહી શકાય તેમ નથી. તેઓ જે વિચારને પકડે છે, તે વિચારને વળગી રહેવાથી અને તેની ચિંતામાં સડયા કરવાથી તેમની ગમે તેવી પાયમાલી થવાની હોય છતાં તેનાથી તેઓ છુટતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમણે પોતાની જાતને પેલા વાંદરાની માફક વિચારતાં પાંજરામાં સપડાવેલી હોય છે અને પોતે ભાગી છુટી શકે તેમ છે જ નહીં એવા ભાનથી દુઃખ પામ્યા કરે છે. તે તેના વિચારનો ગુલામ બની બેસે છે અને તેના ભેજામાં નિરંકુશ વિહરતા રાક્ષસો જે તેની પોતાની બનાવટના છે, તેમના વડે ત્રાસ વેઠ્યા કરે છે.

કુદરતના સામર્થ્યો ઉપર વિજય મેળવનાર, અને વિજ્ઞાનને પોતાના વશ વર્તાવનાર મનુષ્ય તેની એક નાના સરખી દુઃખભરી લાગણીને લઇને કેવો ક્ષિણ, ચિંતાતુર, આર્ત, પામર અને રાંક બની જાય છે. ખરા અર્થમાં મનુષ્ય આ કાળે ભાગ્યેજ જોવામાં આવે છે. મનના ઉપર જેનું ઇશિત્વ છે, એવા જવલ્લેજ દૃષ્ટિગોચર થાય છે. ચિંતા, વાસના, અને ભોગલિપ્સાના ચાબુકથી માર ખાતા, ડરતા, અને પેટે ઘસડાતા મનુષ્યોના દર્શનથી આપણે એટલા ટેવાઈ ગયેલા છીએ કે તેમના દર્શનમાં હવે આપણને આશ્ચર્ય જેવું કાંઇ રહ્યું નથી. પરંતુ સંયમી મનુષ્યોને આ દૃશ્ય જોતાં દયા અને કંપારી છુટે છે. તેઓને આશ્ચર્ય થાય છે કે મનુષ્ય સ્વતંત્ર છતાં શા માટે આ પ્રમાણે હેરાન અને દુઃખી થાય છે ? પોતે રથી છતાં રથને જોડાઇને શા માટે ચાબુકના પ્રહાર સહન કરે છે ? મનુષ્યનું " હું " એ સર્વને પોતાના આધિપત્ય તળે રાખી શકે તેમ છે છતાં શા માટે તેઓ જાણી જોઇને આ કષ્ટની પરંપરાને વેઠ્યા કરે છે ? આથી તે પુરૂષો આપણને આપણું સામ્રાજ્ય સંભાળવા શાસ્ત્રદ્વારા સહસ્ર મુખે પ્રબોધ્યા કરે છે, પરંતુ આપણે તે બોધને ટેવાઈ ગયા છીએ, અને તેમાં કશુંજ મહત્વનું હોય એમ માની શકીએ એવી સ્થિતિમાં રહ્યા નથી. આથી અન્ય મહદ્ દુર્ભાગ્ય શું હોઈ શકે ?

વિચારથી છુટવાની કળા ત્યારેજ સિદ્ધ થઇ શકે કે જ્યારે વિચારના સર્વ વ્યાપારોથી મનુષ્યનું " હું " નિરાળુ રહી શકે અને તેના વ્યાપારો તેની આજ્ઞા કે સંકેતવડેજ થાય છે એવું ઉંડુ ભાન તેના " હું " માં પ્રવેશી શકે. આ કળા સિદ્ધ થવા માટે અભ્યાસની અપેક્ષા છે, પરંતુ એ અભ્યાસના અંતે જે મહદ્ ફળ વિરાજે છે, તે જોતાં એ અભ્યાસને અંગે રહેલો શ્રમ જરૂર ખેડવા જેવો છે. ખરી રીતે એ કળા સિદ્ધ થયા પછીજ આપણું ખરૂ જીવન શરૂ થાય છે. અત્યારે આપણે કેદી છીએ, અને કેદીનું જીવન એ કાંઈ ખરૂં જીવન નથી. આપણા જીવનમાં સ્વાતંત્ર્ય, વિશાળતા, વ્યાપકતા મુદ્દલ નથી. આપણું માનસ યંત્ર આપણા કાબુમાં આવ્યા પછીના જીવનનો ખ્યાલ પણ અત્યારે આવવો પણ દુષ્કર છે.

આથી તમારા "હું" નું તમારા માનસિક કરણો ઉપર સામ્રાજ્ય વિસ્તારવાનો અભ્યાસ કરો. તેમ થયેથી તેના વ્યાપારો તમારા સ્વરૂપથી નિરાળા ભાસ્યમાન થશે અને તમારી આજ્ઞાથી ગતિમાં મુકાતા અનુભવાશે. તમને છેવટે એમજ જણાશે કે તે તમારૂં યંત્ર માત્ર છે. ધૈર્ય અને ખંતપૂર્વક અભ્યાસની અપેક્ષા છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાઠ અઘરો છે, તેની ના નથી, પણ ફળ તેવુંજ મહાન છે. સ્વરૂપની મહત્તા, ભવ્યતા, સામર્થ્ય, અને પ્રભાવમાં પ્રવેશવા માટે ગમે તેવો કઠીન અભ્યાસ કર્તવ્ય છે, તેની કોણ ના કહી શકે તેમ છે ?

# જીવન અને મૃત્યુ.

ખાસ કરીને આ વિલાસપ્રિય જમાનામાં પ્રવૃત્તિની એટલી બધી પરંપરાઓ વધી પડી છે કે જ્યાં આદર્શ જીવન કેવું હોવું જોઇએ, તત્સંબંધી વિચાર કરવાનો પણ અવકાશ રહેતો નથી. આપણે પોતેજ એ વિચારના પ્રતિબંધક તરીકે એવા સંયોગો ઉભા કરેલા છે અને એ સંયોગોને આપણી નિર્બળ માનસિક સ્થિતિઓ આધીન થતાં સત્ય સ્વરૂપ તપાસવાની દરકાર નહિ હોવાથી જીવનનું અમૂલ્ય રહસ્ય પામવાનું ભાગ્ય પ્રાપ્ત થતું નથી. જીવનનું રહસ્ય વિચારવાને માટે આપણે આત્માને તેની નિર્બળતા અને ઉપાધીઓથી થોડા વખત મુક્ત કરી એને અનેક દૃષ્ટિબિંદુઓથી તપાસવો જોઇએ. આ ક્રિયાવડે માનવ જન્મનું અમૂલ્ય તત્ત્વ પ્રકટ થતાં આત્મામાં એવી અનિવાર્ય જાગૃતિ પ્રકટ થાય છે કે જે દ્વારા તે નિરંતર ઉચ્ચ ઉચ્ચતર દૃષ્ટિબિંદુઓનું લક્ષ્ય કરી પ્રગતિ કરતો જાય છે અને સ્વહિત અને પરહિતનું પારમાર્થિક તત્ત્વ સમજતાં તે કૃતકૃત્ય થાય છે.

આજે જે વિષય સંબંધી અત્ર વિચારવા ઇષ્ટ ગણ્યું છે તે એવો સબળ વિષય છે કે જેમાં ભૂત ભવિષ્ય અને વર્તમાનની સર્વે ભાવનાઓનું સંપૂર્ણ રીતે સંક્રમણ થઇશ કે તેમ છે. શ્રીમદ્ **વીર**પરમાત્માએ ગણાધિપ **ગૌત**મને **उप्पन्नेवा—विगमेवा—धुवेवा** એ ત્રણ શબ્દોથી જગતના વાસ્તવિક સ્વરૂપનો બોધ આપ્યો તે શી રીતે ? તેમાં જગતનું સર્વ સ્વરૂપ સમાઇ જાય છે. જીવવું અને મરવું એ પ્રત્યેક પ્રાણી પદાર્થને માટે નિર્મિત છે. અન્યસ્થળે જડવસ્તુઓના પ્રસંગમાં ઉત્પત્તિ અને લય એ શબ્દો વપરાય છે. વસ્તુતઃ જીવન એ ઉત્પત્તિ છે અને મૃત્યુ એ વિનાશ છે. વસ્તુસ્થિતિ આમ હોઈ આ વિષય પરત્વે યથાશક્તિ કાંઇક વિચારીએ અને એ દ્વારા આત્મજાગૃતિનો પ્રસંગ પ્રાપ્ત થાય તો એના જેવું જગતમાં બીજું કયું સુભાગ્ય છે ?

પ્રકટપણે આ પૃથ્વી ઉપર બે દૃશ્યો છે. એક તો સૂતિકાગૃહ અને બીજું સ્મશાન. જો કે કુદરતની લીલાઓમાં હિમાલયાદિ પર્વતો, ગંગા વિગેરે નદીઓનું સમુદ્ર સાથે સંગમસ્થાન, આંબા વિગેરે વૃક્ષોની મંજરીઓ તેમજ પુષ્પલતાઓ ગણુતરી વગરની છે. તેમજ મનુષ્યના બનાવેલા હેરત ભરેલા કૃત્રિમ નમુનાઓ જેમકે વિમાનો, તાજમહેલો, કિલ્લાઓ, મોટરકારો, તારયંત્રો વિગેરે પણ દર્શનીય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનો છે. પરંતુ આ બે દશ્યો સર્વ સ્થાનોનું કેંદ્ર છે. પાણીમાં જેમ પરપોટાઓ ઉત્પન્ન થાય છે અને તે ઘડી પછી તેમાંજ સમાઇ જાય છે તેમ આ પૃથ્વીના વિશાળ ક્ષેત્રમાં સૂતિકા અને સ્મશાનરૂપ સ્થાનોમાં દર પળે અને દર મુહૂર્તે કેટલા પ્રાણીઓનો ઉદય અને અસ્ત થયાં કરે છે. જે પૂર્વે હતું તે ચાલ્યું જાય છે અને જેની ગણના સ્વપ્નમાં પણ ન હોય, તે આપણી સમક્ષ આવી આપણા હૃદય ઉપર સ્થાન લે છે.

જન્મ મૃત્યુ–ઉત્પત્તિ–લયનો આ પ્રકારે ગતિ આગતિથી સંકલાયલો વિષય આપણને બે ગંભીર પ્રશ્નો ઉદ્દભવાવે છે; એકતો એકે જેઓ આ જગત્‌માં અસ્તિત્વમાં આવ્યા અને અનેક પ્રાણીઓના સમાગમમાં આવી પૃથ્વી ઉપર પોતાનું જીવન ચિરકાળ પર્યંત અંકિત કર્યું તેઓમાં ખરૂં જીવન કોનું હતું ? અને બીજું મૃત્યુ પછીની તેમની સ્થિતિ કેવી હોઈ શકે ? આ બે પ્રશ્નોમાં જીવન મૃત્યુના વિષય પરત્વેની આપણી ભાવના સંકલિત થયેલી છે.

જનસમાજમાં સાક્ષર તરીકે પ્રસિદ્ધ થયેલા પ્રોફેસર મણીલાલ નભુભાઈ કહે છે કે ‘ પુરૂષાર્થહીન જીવન મૃત્યુ કરતાં પણ અધિક દુઃખદાયક છે ’ આ ઉપરથી એમ ફલિત થાય છે કે એક મનુષ્ય, મનુષ્ય જીંદગીને અંગે તેને મળેલી પંચેંદ્રિયની સંપૂર્ણતાથી જ એ મનુષ્ય તરીકે ગણાવવા લાયક નથી, પરંતુ બુદ્ધિના વિકાસ પ્રમાણે યોગ્યતા અનુસાર વિવેક કરી, જેઓ આ જગત્‌માં પોતાના વર્તનને સુંદર અને સ્વાર્થત્યાગની ભાવનાવાળું બનાવે છે, તેમનું જીવન એજ ખરેખરૂં જીવન છે.

મનુષ્ય સૂતિકા ગૃહનોઆનંદ કોલાહળ સાંભળી અધીર અને ઉન્મત્ત બની જાય છે અને તેથી જન્મ મૃત્યુના તત્ત્વો વિશે વિચાર કરવાનો અવકાશ ન લે એ સ્વાભાવિક છે. તેમજ જેઓનો જીવનપ્રવાહ યુવાનીમાં નદીના નવાપુરની માફક ખળખળ કરતો વહી જતો હોય છે, એવા પુરૂષો પણ જીવનના ઉપરોક્ત ઉદ્દેશની પરવા ન રાખે એ પણ બનવા જોગ છે. પરંતુ શિયાળો, ઉનાળો અને ચોમાસું, બાળ, યુવાન, વૃદ્ધાવસ્થા તેમજ મનના અનેક પ્રકારના સ્થિતિભંગો તરફ નજર કરતાં સ્મશાનના ભીષણ દેખાવને પણ ધ્યાનમાં લેવો જોઇએ; જેઓ સ્મશાનને છેવટનું સ્થાન માને છે, તેઓ મૃત્યુના સંબંધમાં ઉદાસીનતા બતાવવાનું પસંદ કરેજ નહિ.

## गृहीत इव केशेषु मृत्युनाधर्ममाचरेत्

એ વાક્યનો યથાર્થ નિર્દેશ કરનારનું લક્ષ્યબિંદુ જન્મેલા પ્રાણીઓના છેવટના સ્થાન ઉપર ટકી રહે છે. અને એ લક્ષ્ય બિંદુ તેનામાં નવીન ભાવના ઉત્પન્ન કરાવી પુરૂષાર્થ પ્રેમી–સ્વધર્મ પરિપાલનામાં નિરંતર જાગૃતિ ઉત્પન્ન કરે છે.

જન્મ ધરી જેમણે ખાવું, પીવું અને એશઆરામ ભોગવવો એવો અભિપ્રાય કરી લીધો હોય તેમને, જેમણે મનુષ્યના સુખદુઃખમાં ભાગ લઈ માનવજન્મને સાર્થક કર્યો છે, તેમને, મયૂર સિંહાસન ઉપર બેસનારા, કોમળ શય્યામાં સૂનારા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મશ્કરીથી માનવ જન્મને સાર્થક માનનારા—એ સર્વને સ્મશાનમાં જ સમાવું પડયું છે.

ત્યારે હવે પુરૂષાર્થપરાયણ થવું એ આ ઉપરથી સ્પષ્ટ થાય છે. કારણ કે પ્રત્યેક જડ વસ્તુ પણ ઉત્પત્તિ સાથે વિનાશમય છે એમ પ્રત્યેક મનુષ્યને સૂચન રે છે. જેવું મનુષ્યને પોતાની વ્યક્તિને માટે પોતાનું અસ્તિત્વ સૂચવે છે, તેવું જ યેક પદાર્થો પણ સૂચન કરી રહ્યાં છે. પરંતુ જાગૃતિનો અપૂર્વ પ્રસંગ બહુજ છા મનુષ્યો પ્રાપ્ત કરી શકે છે. જીવન મૃત્યુની વિકટ ભાવના ઉપર વિચાર ચ- ી બુદ્ધિબળમાં જીવનને મર્યાદિત કરવું એમાં ખરેખરૂં આત્મગૌરવ રહેલું છે.

સ્થૂલભદ્રજીએ બ્રહ્મચર્ય પાલનમાં પુરૂષાર્થનો વિકાસ કર્યો ત્યારે બીજી વર્ડ્ ગજસુકુમાલજીએ પરિસહો સહન કરી દેહ અને ચિત્તદમનમાં પુરૂષાર્થદ્વારા પદ મેળવ્યો. આવા પુરૂષાર્થપરાયણ કૃતકૃત્ય મહાત્માઓના દષ્ટાંતો શાસ્ત્રમાં સ્થળે સ્થળે મોજુદ છે. માત્ર આપણી જડ થએલી દૃષ્ટિ તેને યથાર્થ સ્વરૂપે જોઇ શકતી નથી એજ ખામી છે. પુરૂષાર્થદ્વારા આત્મિક ગુણોનો વિકાસ કરનારાઓ સ્થૂળ દેહથી મૃત્યુ પામ્યા છતાં જીવન્ત છે, એમ આપણે શાસ્ત્રદ્વારા દૃષ્ટિવિકાસ કરીને કહી શકીએ એમાં ખોટું નથી. કેમકે એઓએ જે ગુણોની પ્રણાલિકા પોતાને માટે નિર્માણ કરી બીજાઓને આશ્ચર્યમુગ્ધ બનાવ્યાં છે, એ ગુણોનું આપણી નિર્મળ દૃષ્ટિ થયા પછી ગ્રહણ થાય છે અને એમને જીવન્ત સ્વરૂપમાં અનુભવાય છે. પણ આ સ્થિતિને માટે આત્મિક વિકાસમાં દરરોજ આગળ વધી તૈયાર થવું જોઇએ.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ તપાસતાં પણ ખુલ્લી રીતે સ્પષ્ટ થાય છે કે જગત્માં કોઈ વસ્તુનો વિનાશ નથી. વસ્તુ માત્રની ધ્રુવ–અચલ મર્યાદા છે. આપણે ઐતિહાસિક સ્થિતિથી જોઇએ છીએ કે જે ઠેકાણે એક વખત પહાડ હતો, તે ઠેકાણે હાલ સમુદ્ર ગર્જના કરી રહ્યો છે અને સમુદ્ર હતો તે સ્થાને પર્વત થઇ ગયો છે. સ્થૂળ દૃષ્ટિથી એમ કહેવાય કે પહાડ અને સમુદ્રનો ધ્વંસ થઇ ગયો છે; પરંતુ વિજ્ઞાન (Science) કહે છે કે પહાડ અને સમુદ્રના જે અણુઓ હતા તે અનેક પરિવર્તનો છતાં કાયમ છે. મતલબ જે જે આપણે નાશ પામેલું માનીએ છીએ, તેનું એક પણ અણુ કોઈ કોઇને વિલુપ્ત થતું નથી.

ત્યારે શું પ્રત્યેક મનુષ્ય સ્મશાનની સ્થિતિ પ્રાપ્ત થયા પછી વિનાશી છે ? વિજ્ઞાન આ પ્રશ્નનો ઉત્તર નકારમાં આપે છે. કેમકે જો કે મનુષ્ય તરીકેનું અસ્તિત્વ જગત્ ઉપર મોજુદ નથી રહ્યું પણ જે ગુણોનો આવિર્ભાવ જગત્‌ની દૃષ્ટિએ સન્મુખ પડયો છે તે ગુણોને અંગે તે મનુષ્યનો વિનાશ નથી કિંતુ અસ્તિત્વ છે. કાવ્યમાં, સાહિત્યમાં, શિલ્પમાં, સંગીતમાં, દાનમાં, શીલમાં, તપમાં કે ભાવનામાં અનુરક્ત થયેલો સાથે જ મનુષ્ય તે તે પરિસ્થિતિઓને સિદ્ધ કરી એવી અપૂર્વ કળા પ્રકટાવે છે જે અનેક જમાનાઓ સુધી મનુષ્યહૃદયને હચમચાવે છે અને નવ જીવન પ્રકટાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ આનંદઘનજી અને સિદ્ધર્ષિગણિની પદ્ય ગદ્ય રચનાઓ શું આ સૃષ્ટિમાં તેઓ જીવતા છે એવું ભાન આપતાં નથી? મહાત્મા વીર પ્રભુનો અચળ સંદેશો શ્રવણ કરતાં પહેલાં આપણે ચોવીશસો વર્ષ પહેલાંના પડદાને ઉચકવો જોઇએ અને તેઓ આપણી સમક્ષ હોય તેમ ભક્તિભાવથી પ્રણુતિ પરંપરા કરવી જોઇએ.

નિરપરાધિ પશુઓનો ઉદ્ધાર કરનાર અને નિર્વિકારી બાલબ્રહ્મચારી નેમિનાથજી અત્યારે યુગોના યુગો વીતવા છતાં મનુષ્યોના હૃદયમંદિરમાં વિરાજે છે. સુદર્શન શેઠ, જંબુકુમાર, અભયકુમાર અને મેઘકુમારાદિ અનેક સાત્વિક પુરૂષો સાથે આપણો આત્મા વિનિમય કરવા ઇચ્છે છે તેનું કારણ તેમના જુદી જુદી દિશામાં પ્રકટેલા ગુણોનેજ આભારી છે. આ અવસર્પિણીમાં અનેક મહા સત્વો જન્મ અને મૃત્યુની ચીલાવાળી પદ્ધતિને પ્રાપ્ત કરી ગયા છતાં જીવનને જાગૃતિ અર્પનાર જે ગુણો વડે આ ભૂમિને ઉજ્જ્વળ કરી ગયા છે અને જેમણે પોતાના વ્યકિતમય જીવનને સમષ્ટિમય બનાવ્યું છે તેઓ અત્યારે ભલે આપણી મધ્યમાં મોજુદ ન હોય તો પણ અંતઃકરણમાં તેઓ ઉપસ્થિત છે. ખરી પરમાર્થવિદ્યાનું (Theology) રહસ્ય એ છે કે મૃત્યુ તેમને સ્પર્શ કરી શક્યું નથી. ગુણોવડે તેઓ જીવંત છે. માત્ર કાળની ચેષ્ટાને તેમનો ભૌતિક દેહ આધીન થયેલો છે. હવે આપણે જીવનમાં વિવિધ પુરૂષાર્થોનું કયા કયા દૃષ્ટિ બિંદુઓમાં સ્થાન છે તે વિચારીશું. (અપૂર્ણ)

## "શ્રી કેળવણી ફંડ અને શ્રી જૈન આત્માનંદ સભા"—ભાવનગર.

આ સભા તરફથી ગયા કારતક માસથી એક કેળવણી ફંડ ખોલવામાં આવ્યું છે. જેની ટુંકી હકીકત ગયા પોષ માસના અંકમાં અમારા તરફથી આપવામાં આવેલી છે. તે ઉત્તમ કાર્યની શરૂઆત થઇ ગયેલ છે, અને તેની વ્યવસ્થા કરવા માટે શેઠ ગુલાબચંદ આણંદજી તથા વકીલ વૃજલાલ દીપચંદ શાહ એ બંને ગૃહસ્થોની કમીટી નીમી તેનો ધારા મુજબ અમલ કરવા તે કાર્ય તેઓને સુપ્રત કરવામાં આવેલ છે. જેથી ધારા મુજબ પાંચ સ્કોલરો (વિદ્યાર્થીઓ) ને સ્કોલરશીપ આપવાનું ચાર માસથી શરૂ થઈ ગયેલ છે. તેની વૃદ્ધિ માટે સભાના કાર્યવાહકો ધીમો પણ સતત ઉદ્યમ કરે છે. હાલમાં ગયા માસમાં નીચે પ્રમાણેની આ ખાતાને મદદ મળેલ છે તેની વિગત:—

૧૫૦) શેઠ ગુલાબચંદ આણંદજીના પ્રથમ આ સભા માટે છોડ કરાવવા આવેલા હતા, તેની હવે જરૂરીયાત નહીં હોવાથી તેઓની ઈચ્છા તેમજ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજની આજ્ઞા પ્રમાણે આ ફંડ ખાતે તે લઇ જવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭૫) શાહ ઝવેરભાઈ ભાઇચંદ પોતાને ત્યાં પુત્ર જાદવજીના શુભ લગ્ન નિમિત્તે ભેટ.
૨૫) શાહ દુર્લભદાસ મૂળચંદ.
૪૧) શેઠ હરજીવનદાસ દીપચંદ.
૧૫) ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.
૧૫) શાહ ઉજમશી માણેકચંદ, પોતાના પુત્રના શુભ લગ્ન પ્રસંગે ભેટ.
૩૨૧)

આ સિવાય બીજા સભાસદો તરફથી પાંચ વર્ષ માટે દર મહિને અમુક રકમ આપવાની કબુલત આપવામાં આવેલી છે, જે હવેપછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ ઉપરથી સમજવાનું કે આ કાર્ય કેટલું મહત્વનું અને સમાજના ઉદ્ધારનું છે તેને માટે વધારે લખવાની અગત્ય નથી. પરંતુ આવા કેળવણીના કાર્યને ઉત્તેજન આપવા માટે આ સભાએ જે ઉદ્દેશ ઘડી કાઢયો છે, તે માટે ખુશી થવા જેવું છે. અને સભાના દેશ પ્રદેશના તમામ માનવંતા સભાસદો અને દરેક સ્થળના જૈન બંધુઓને નમ્ર વિનંતિ છે કે આવા કેળવણીના કાર્યમાં પોતાનો ઉદાર હાથ લંબાવી યોગ્ય મદદ આપશે. વળી કોઈપણ શહેર યા ગામના જૈન બંધુઓને, પોતાની ઇચ્છા મુજબની શરતે આ સભા મારફત આવા કે બીજા કોઈ પ્રકારના કેળવણીના કાર્યમાં મદદ આપવા ઇચ્છા ધરાવશે, તો સભાના ધારા પ્રમાણે તેવું કાર્ય તેમની વતી સભા કરી આપશે.

સેક્રેટરીઓ.

# "મનુષ્યને શાથી હાર ખાવી પડે છે?"

૧ વિચારીને બોલવું સારૂં છે કારણ કે બોલેલું પાછું ખેંચી શકાતું નથી. કહ્યું છે કે હોઠ બહાર તે કોટ બહાર એ કાંઇ ખોટું નથી. તેથી વિચારીને બોલનાર મનુષ્ય હમ્મેશા વિજયવંત રહે છે. તેને બોલવા પછી પસ્તાવો થતો નથી પણ અવિચારી બોલનાર મનુષ્યને હાર ખાવી પડે છે.

૨ સત્યથીનું જુઠું વચન એક વખત લોક દૃષ્ટીએ સાચું ભાસે છે અને સાચું બોલતાં પણ એક વખત હમેશના જુઠા મનુષ્યને હાર ખાવી પડે છે.

૩ આબરૂ વિનાનું જીવન મરણ તુચ્છ છે. નામાંકિત વેપારી રળી ખાય અને નામાંકિત ચોર માર્યો જાય. એ કહેવત કાંઈ ખોટી નથી. આબરૂદાર મનુષ્ય માટે હમ્મેશા હરકોઇ સ્થળે વિજય ત્યારે આબરૂ વિનાના મનુષ્યને હાર ખાવી પડે છે.

૪ ઉદ્દેશે ઉદ્યમ આદરાય છે. કરાયલા કામમાં લેશ પણ ખામી ન રહેવા માટેની પૂરતી કાળજી રાખવામાં આવે છે. છતાં પણ માણસ ત્હેમાં શાવાસ્તે વિજયવંત

For Private And Personal Use Only

નથી નીવડતો ? ખરેખર ત્યાં પૂર્વ ઉપાર્જીત પાપના પસાયે મનુષ્યને હાર ખાવી પડે છે.

અક્કલ બડી કે ભેંસ એ હાસ્યજનક કહેવતનું રહસ્ય ઉંડું છે, ભણતર વિનાની ગણતર નકામીજ છે. એ કાંઈ અસત્ય નથી. ખરૂં છે કે કળ વિના બળથી મનુષ્યને હાર ખાવી પડે છે.

જો કે પારકી નીંદા કરવી એ તો નઠારો અવગુણ છે પણ પોતાની નિન્દા કર્યા સમાન એકકે ઉચ્ચ ગુણ નથી. એ સારાંશને છોડી ગુણીજનની નિન્દા કરનાર મનુષ્યને હાર ખાવી પડે છે.

જ્ઞાની પુરૂષોએ અજ્ઞાની, સ્વાર્થી અને કામી પુરૂષોને છતી આંખે અન્ધની ઉપમાં આપી છે એ યોગ્યજ છે, પરન્તુ ચોથો અન્ધ ત્હેમાં કુલણજી પણ ગણી શકાય. કારણ કે તે પણ છતી આંખે ખરચ કરવામાં તો આંધળા સમાનજ છે. અને તેથી તે મનુષ્યને હાર પણ ખાવી પડે છે. અપૂર્ણ.

# વર્તમાન સમાચાર.

## मालवामें श्रीमान् हंसविजयजीका संवत १९७१–७२ का चातुर्मास तथा महिदपुरमें प्रतिष्ठामहोत्सव.

गतवर्ष ( १९७१ ) मालवेमें रतलामके लोगोंका अत्यन्त पुण्यानुबंध पुण्यका उदय होनेसे उनको एक अमूल्य रत्नका लाभ हुआ. वाचकगणोंके दिलमें इस बातकी शङ्का होगी कि वह अमूल्य रत्न क्या है ? सो मैं आपको आगे वर्णन करता हूं;—गत वर्ष रतलाम में श्रीमद् विजयानंदसूरि उर्फ ( श्री आत्मारामजी ) महाराजके प्रशिष्य श्रीमान १००८ श्री हंसविजयजी तथा पं० महाराज श्री संपद्विजयजी अपने शिष्य मंडल सहित नगर में पधारे और जो कुछ उनके आगमनसे वहां लाभ हुआ है. वह वाचकगणोंसे छिपा हूआ नहीं है तथापि मैं संक्षेप मात्र आगे वर्णन करता हूं सबसे भारी लाभतो उपधानका व्रत और इसके अलावा कइएक लाभ हुए. फिर चौमासाके बाद श्रीमान् जावरा, प्रतापगढ़, अंनोद, होकर दशपुर [ मंदसोर ] पधारे, और संवत् १९७२ का चातुर्मास दशपुर में ही किया. जिससे वहां के संघको आपके सदुपदेशसे अत्यन्त ज्ञानका लाभ हुआ है. और विद्या अध्ययन करनेके लिये पाठशाळा खोलदी. फिर चातुर्मासके अनन्तर श्रीमानने

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सितामऊकी तर्फ विहार किया और वहांके श्रावकोंने पाठशाळा खोलनेके लिये चंदा एकत्रित किया आगे श्रीमान् परासलीको पधारे और वहांकी तीर्थयात्राकी, फिर वहांसे विहार करके श्रीमान् बडोद पधारे और वहां ५० घरवाळे आपके सदुपदेशसे दृढ श्रद्धालु हुए. फिर वहांसे श्रीमान इंदोर पधारे, और वहांके श्रावकोंने पंच परमेष्ठि पूजा भणाइ और फिर वहांसे श्रीमानने झालरा।को तर्फ विहार किया. और वहांपर ऋषिमंडलकी पूजा भणाइ गइ. फिर श्रीमानको महिद्पुरके संघकी विनती होनेसे महिद्पुरकी तर्फ विहार किया. और श्रीमानका नगरमें पादार्पण करानेके वास्ते संघ सामने गया. श्रीमान् पोष शुक्ल एकादशीको इस नगरमें पधारे. और यहांके संघने बडही उत्साहसे नगरमें प्रवेश कराया. व्याख्यान बाचना शुरु हुआ और श्रीमानके उपदेशसे यहांके संघने पाठशाळा खोली. और फिर यहांके संघने मोक्ष रूपी लक्ष्मीको वरनेके लिये मंदिरकी प्रतिष्ठा माघशुक्ल एकादशी सोमवारको बडी धुमधामसेकी, और माघशुक्ल दशमीके दिन सोनेरी पालखीमें प्रभुको विराजमान करके संघ सहित वरघोडा निकला. और स्नात्र पूजा भणाइ गइ. और इसके अलावा प्रतिष्ठाके दिन स्वर्गीय न्यायांभोनिधि जैनाचार्य श्रीमद्विजयानंदसूरि की मूर्त्तिको स्थापन की, और प्रतिष्ठामहोत्सवपर बडोदा, रतलाम, राजगड, झालरा, बडोद वगैरे कितनेही नगरोंके सज्जन उपस्थित थे. इस प्रतिष्ठामहोत्सवमें अंदाज १६०० रुपएकी उपज हुइ. प्रसंगपर वडोदरा वाले श्रीयुत दलपतभाइ जगजीवनदासजीके तरफसे जैन पाठशालाके विद्यार्थीयोंकुं हिंदी जैन तत्वसार तथा प्रतिक्रमणादिकी पोथीयांका इनाम देनेमे आया था. तथा सार्वजनिक हितकर श्राद्धगुण विवरणकि संस्कृत प्राकृतमय प्रतियां छपवाके जैन भंडारो तथा लायब्रेरीयोंमें भेट देनेवाली इनोकी बडी बहेन तथा छोटी बहनने प्रतिष्ठा तथा शांतिस्नात्र समय घृतकी बोलीसें तथा व्याख्यान वखत प्रभावना करके लाभ उठाया था. इस महोत्सवकी यादगीरीमें जैन लग्नविधि नागरीमें छपवाके इसका फेलावा करनेका महिदपुर संघ तरफसें मुकरर हो गया. इस प्रतिष्ठा महोत्सवकी धार्मिक क्रिया करानेको बडोदेसें शेठ गोकलभाइ तथा छाणीवाले नगीनभाइ आदि चार जण पधारे थे. वगेरे धार्मिक कार्यो हुवा है.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધ્વી મહારાજ અને જ્ઞાન ભંડારોને ધારા મુજબ ભાત્રી કરી દરેક મોટી સંખ્યામાં ભેટજ આપવામાં આવેલ છે અને ગૃહસ્થને માત્ર મુદ્દલ અને મુદ્દલથી પણ ઓછી કીંમતે જ્ઞાનખાતું હોવાથી વેચાણ આપવાનો ધારો હોવાથી તે મુજબ આપવામાં આવેલ છે. વિશેષમાં કેટલીક તેવી હકીકતો આર્થિક સહાય આપનારની ઇચ્છા મુજબ અને સભાના ધારા મુજબ તેમાં ફેરફાર કરી શકાય છે. આટલું નમ્રતા પૂર્વક જણાવવા રજા લઇયે છીયે.

---

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા મેમ્બરો.

ઝવેરી મણીલાલ મોહનલાલ હેમચંદ અમદાવાદ (બી૦વ૦લા૦ મે૦ ને બદલે) પે૦ વ૦ લા૦ મેમ્બર.
શા. નાગજી વનમાળીદાસ રે૦ ભાવનગર (હાલ મુંબઇ) પે૦ વ૦ વાર્ષિક મેમ્બર.

---

## विविध पूजा संग्रह.

### ( શ્રીમદ્ વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ વિરચિત ચૌદ પૂજાઓનો સંગ્રહ. )

મહોપકારી શ્રીમદ્ **વિજયાનંદ સૂરિશ્વર** રચિત પૂજાઓ કે જેને માટે સંગીતના પ્રોફેસરો અને પૂજાના જાણકાર રસિકો તેમની રચનાના સંબંધમાં અનેક વિધ પ્રશંસા કરે છે, તે પાંચ પૂજાઓ તથા તેમને પગલે ચાલતા પ્રસિદ્ધ વક્તા શ્રીમાન્મુનિરાજ શ્રી **વલ્લભવિજયજી મહારાજ**ની બનાવેલી ૯ પૂજા કે જે વર્તમાન સમયને અનુસરતા રાગરાગણીથી ભરપુર હોઇ આકર્ષક છે.

તે બંને પૂજાઓ સાથે ઉંચા ઇંગ્લીશ ગ્લેજ કાગળો ઉપર સુંદર શાસ્ત્રી મોટા ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી છે અને તેનું એટલું બધું સુંદર બાઇન્ડીંગ કરાવવામાં આવેલ છે કે તે જોતાં તરતજ ગ્રહણ કરવાની ઇચ્છા થાય. શુમારે ત્રીશ ફારમ સવાચારસે પાનાનો દળદર ગ્રંથ છતાં તેનો બહોળો પ્રચાર થવા માટે મુદલથી ઘણી ઓછી કિંમતે એટલે માત્ર રૂા. ૦—૮—૦ આઠ ( પોસ્ટેજ જુદું ) ની કિંમત રાખવામાં આવેલ છે. માત્ર જુજ નકલો બાકી છે, જેથી નીચેના સરનામેથી જલદી મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

---

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧ | " સત્તરીય ઠાણા સટીક " | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી. |
| ૨ | " સિદ્ધ પ્રાભૃત સટીક " | પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી. |
| ૩ | " રત્નશેખરી કથા " | શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા ત. |
| ૪ | " દાનપ્રદીપ " | શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫ " શ્રી મહાવીર ચરિત્ર " શ્રીનેમચંદ્રસૂરિ કૃત. — શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.

૬ " સંબોધ સિત્તરી સટીક " — શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી.

૭ " ષટ્સ્થાનક પ્ર–સટીક " — શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી.

૮ " ચૈત્યવંદન મહાભાષ્ય " — શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.

૯ " સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા " — શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.

૧૦ " ષડાવસ્યક વૃત્તિ નમિસાધુ કૃત " — શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.

૧૧ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ " — શા. મનસુખભાઇ લલ્લુભાઈ પેથાપુરવાળા તરફથી.

૧૨ " સંસ્તારક પ્રકીર્ણ સટીક " — શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.

૧૩ " શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક " — શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.

૧૪ " પ્રાચીન ચાર કર્મ ગ્રંથ ટીકાસાથે " — શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.

૧૫ " ધર્મપરિક્ષા શ્રીજિનમંડનગણી કૃત " — બે શ્રાવિકાઓ તરફથી.

૧૬ " સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત " — શા. લલુભાઈ ખુબચંદની વિધવા બાઈ મેનાબાઈ પાટણવાળા તરફથી.

૧૭ " પંચનિગ્રંથી સાવચૂરિ " ૧૮ " પર્યંત આરાધના સાવચૂરિ "

૧૯ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહની સાવચૂરિ "

૨૦ " બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ "

૨૧ " પંચસંગ્રહ " — શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.

૨૨ " શ્રાદ્ધવિધિ " — શેઠ જીવણભાઈ જેચંદ ગોઘાવાળા. "

૨૩ " ષડ્દર્શન સમુચ્ચય " "

૨૪ " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. " — બાબુ સાહેબ ચુનીલાલ પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.

૨૫ " બૃહત્ સંઘયણી શ્રી જિનભદ્રગણી ક્ષમા શ્રમણ કૃત " — એક સભા તરફથી.

૨૬ " કુમારપાળ મહાકાવ્ય " — શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ. ચંદન પાટણવાળા તરફથી.

૨૭ " ક્ષેત્ર સમાસટીકા " — શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.

૨૮ " કુવલયમાલા ( સંસ્કૃત ) " — આ સભા તરફથી.

૨૯ " વિજયચંદ્ર કેવળી ચરિત્ર પાટણ નિવાસી બાઇ રૂક્ષમણી તરફથી.

૩૦ " વિજ્ઞપ્તિ ત્રિવેણી " ( અપૂર્વ ઇતીહાસિક ગ્રંથ )

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૩૧ " શ્રાદ્ધગુણ વિવરણ " ( ભાષાંતર ) વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ ભાવનગરવાળા તરફથી

૩૨ " બંધ, નિગોદ, પુદ્ગલ પરમાણુ છત્રીશિ ( મૂળ સાથે ભાષાંતર ) એક શ્રાવિકા તરફથી.

૩૩ " ચંપકમાળા ચરિત્ર " ( અપૂર્વ ગ્રંથ ) ખાસ સ્ત્રીઓને વાંચવા લાયક ( ભાષાંતર )

૩૪ 'શ્રી સમ્યકત્વ પચિશિ' મૂળ તથા ભાષાંતર સાથે. ( સમ્યકત્વનો સરલ અપૂર્વ લઘુ ગ્રંથ )

૩૫ 'શ્રી સમ્યકત્વકૌમુદી' (અતિ ઉપદેશક, રસાત્મક કથાયુક્ત ગ્રંથ.) શા. નેમચંદભાઇ પીતાંબરદાસ મીયાંગામવાળા તરફથી.

ઉપર મુજબના ગ્રંથો તૈયાર થાય છે. બીજા ગ્રંથોની યોજના થાય છે, જેના નામો હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

For Private And Personal Use Only